| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭ | ૦૯ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૦૭ | ૦૯ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૧૪ | ૦૨ | ૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | 07 | 05 | 01 |

**મે. ખેડા જીલ્લાના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજની અદાલતમાં, મુકામઃ–નડીઆદ.**

**સેશન્સ કેસ નં. ૬૫/૨૦૨૨**
**આંક– ૬૪**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : વિષ્ણુભાઈ મણીભાઈ ભોઈ**
ઉ.વ. ૪૦
રહે. સમસપુર, ખોડીયાર માતાવાળુ ફળીયુ,
હાલ રહે. મહેમદાવાદ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
મકાન નં. ૧૮૦, મહેમદાવાદ, જી. ખેડા.

**ગુન્હોઃ<u>ઈ.પી.કોડ કલમ– ૩૦૨</u>**

**ફરીયાદપક્ષ વિદ્ધાન એ.પી.પી.શ્રી પી.આર.તિવારી**
**આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી એ.આર.વ્યાસ**

## :: ચુકાદો ::

(૧) આ કામે ફરીયાદ તથા બનાવની ટુંક હકીકત એવી છે કે,આ કામના ફરીયાદણ કોકીલાબેન મણીભાઈ ભોઈ ઉ.વ. ૬૫ નાએ એક ફરીયાદ તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં એવા મતલબે નોંધાવેલી કે, તેણી પોતાના પતિ તથા દિકરા વિષ્ણુ સાથે રહેતી હતી અને તેણીને કુલ બે દિકરા હતા જેમાંથી નાનો દિકરો મહેશ સાતેક વર્ષ પહેલા ગુજરી ગયેલ હતો. ફરીયાદણ ઘરકામ તથા મહેનત મજુરીનું કામ કરે છે અને તેણીના પતિ આશરે છએક વર્ષથી લકવાની બિમારીથી પીડાતા હતા અને તેણીનો દિકરો વિષ્ણુ દશેક વર્ષથી અસ્થિર મગજનો હોઈ તે કોઈ કામધંધો કરતો ન હતો અને રખડતો ફર્યા કરતો હતો અને પૈસા વાપરવા માટે તે અવાર નવાર માંગણી કરતો હતો. ગઈ તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદણ સવારના પાંચ વાગ્યે ઉઠેલી અને ઘરકામ કરી નાહી–ધોઈ તેણીએ તેના પતિ અને તેના દિકરા વિષ્ણુને જગાડેલા અને ચા પાણી કરેલા અને તે પછી સવારના સાત વાગ્યે ફરીયાદણનો દિકરો વિષ્ણુ ફરીયાદણના પતિ પાસે બીડી લેવા માટે પૈસા માંગતો હતો, જેથી ફરીયાદણના પતિએ બીડી લાવવા પૈસા આપેલા નહી જેથી ફરીયાદણના દિકરા વિષ્ણુએ તેણે પહેરેલ કપડા કાઢી

નાખેલા અને તે નાગો થઈ ગયેલ જેથી ફરીયાદણે તથા તેણીના પતિએ આવુ નહી કરવા વિષ્ણુને જણાવતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલો અને ફરીયાદણના પતિને ધકકો મારી પાડી દીધેલ અને નજીકમાંથી લાકડાનો ધોકો (ધોકરણું) લઈ આવેલો અને ફરીયાદણના પતિને જોરથી માથામાં મારેલ અને તેને લોહી નીકળવા લાગેલુ. આ દરમ્યાન નજીકમાં રહેતા મિથુન બરફવાળો તથા તેના છોકરાઓ ત્યાં આવી ગયેલા અને ફરીયાદણના પતિને રીક્ષામાં લઈ સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ વધુ સારવાર માટે તેને નડીઆદ સીવીલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરેલ અને ત્યાં સારવાર કરેલી અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મોબાઈલમાં લઈ ગયેલા અને ફરીયાદણ સારવાર માટે તેણીના પતિ સાથે રોકાયેલી અને તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ વહેલી સવારે સાત વાગ્યે ફરીયાદણના પતિ સારવાર દરમ્યાન ગુજરી ગયેલ અને જેથી ફરીયાદણે તેણીના સગા દિકરા વિષ્ણુ વિરુધ્ધ તેણીના પતિને ધોકાથી માથામાં ફટકો મારી ખુન કર્યા અંગે કાયદેસરની ફરીયાદ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં કરેલી.

આ પછી પોલીસે આ કામે તપાસ કરેલી જેમાં ભોગ બનનારનું પી.એમ. કરાવેલુ, આ ઉપરાંત મુદામાલ કબજે કરેલો અને પંચનામાઓ કરવામાં આવેલા અને તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલી કે, તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ સવારના સાત વાગ્યે ગુજરાત હાઉસીંગ બોર્ડ મકાન નં. ૧૮૦ ના રસોડામાં આરોપીએ મરણજનાર પોતાના પિતા પાસે બીડી લાવવા પૈસા માંગતા મરણજનારે પૈસા નહી આપતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલો અને તેના પિતાને ધકકો મારીને પાડી દીધેલા અને માથાના ભાગે લાકડાનો ધોકો મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ અને તેમ કરી તેણે પોતાના પિતાનું ખુન કરેલ અને તેમ કરી ઈ.પી.કોડ કલમ-૩૦૨ મુજબનો ગુનો કરેલ અને આ મુજબનો પુરાવો આવતા પોલીસે આ કામનું ઈ.પી.કોડ કલમ-૩૦૨ અન્વયેનું ચાર્જશીટ આરોપી વિરુધ્ધ આ કામે કરેલ હતુ.

આ કામે આરોપી સામેનું ચાર્જશીટ મહેમદાવાદના વિધ્વાન જયુડી. મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં રજુ કર્યા બાદ સદર ગુનો ઈ.પી.કોડ કલમ-૩૦૨ મુજબનો હોય મહેમદાવાદના વિધ્વાન જયુડી. મેજી.ફ.ક. શ્રીને સદર ગુનાની

ટ્રાયલ ચલાવવાની સતા ન હોઈ સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૯ મુજબ સેશન્સ કમીટ કરવામાં આવેલ અને બાદમાં સદર કેસ કમીટ થઈને આવતા તેને સેશન્સ કેસ નં. ૬૫/૨૦૨૨ થી નોંધવામાં આવેલ.

સદર ગુનાના કામે આરોપી જ્યુડી. કસ્ટડીમાં હોઈ તેઓને જેલ મારફ્તે મુદતે હાજર રાખતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે કે કેમ તે બાબતની ખાત્રી કરી તેઓને બચાવ કરવાની પુરતી તક આપ્યા બાદ આરોપી સામે આંક–૯ થી મારા પુરોગામી સેશન્સ જજશ્રી ધ્વારા ઈ.પી.કોડ કલમ– ૩૦૨ મુજબના ગુના અન્વયેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલુ, જે આરોપી ને વાંચી સમજાવેલ અને આરોપીએ ગુનાનો ઈન્કાર પોતાના નિવેદન આંક– ૧૦ થી કરતા ફરીયાદપક્ષને પોતાના જરૂરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૨) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે પ્રમાણેના સાહેદોનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે.

**:: ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક પુરાવો ::**

| નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | કોકીલાબેન મણીભાઈ ભોઈ | ૧૨ |
| ૨. | સચીનભાઈ મધુકરભાઈ સેલકે | ૧૪ |
| ૩. | ડો. મેઘા કિર્તિકુમાર શાહ | ૧૫ |
| ૪. | નયનાકુમારી મોહનસિંહજી રાજપુત | ૧૭ |
| ૫. | શેરજી બળવંતજી રાજપુત | ૧૯ |
| ૬. | સમીરખાન મુસ્તુફાખાન પઠાણ | ૨૩ |
| ૭. | અનિલભાઈ અશોકભાઈ જાડેજા | ૨૯ |
| ૮. | ડો. નિર્મલા રામ મટાઈ | ૩૦ |
| ૯. | મહીપતભાઈ કરશનભાઈ ઠાકોર | ૩૫ |
| ૧૦. | સાકીરમીયા કાસમમીયા શેખ | ૩૮ |
| ૧૧. | દિનેશભાઈ છોટાભાઈ બારોટ | ૪૨ |
| ૧૨. | જયંતિભાઈ રવજીભાઈ વાઘેલા | ૪૩ |
| ૧૩. | સલીમમીયા કાલુમીયા મલેક | ૪૭ |
| ૧૪. | નિસર્ગ કરશનભાઈ હુમલ | ૪૮ |
| ૧૫. | ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલ | ૫૨ |
| ૧૬. | નરેન્દ્રભાઈ ધનજીભાઈ નકુમ | ૫૪ |

## :: ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ::

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૩ |
| ૨ | મરણ જનારનું મહેમદાવાદ સીવીલ હોસ્પિટલનું મેડીકલ સર્ટી. | ૧૬ |
| ૩ | એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન વાન અહેવાલ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૪ | ગુનાવાળી જગ્યાનો નકશો કરવા કરેલ યાદી | ૨૦ |
| ૫ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી મોકલાવેલ ફોરવર્ડીંગ પત્ર | ૨૧ |
| ૬ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૨૨ |
| ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૪ |
| ૮ | મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૪ માંથી નીકળેલ પંચસ્લીપ | ૨૫ થી ૨૮ |
| ૯ | મહેમદાવાદ સીવીલ હોસ્પિટલની ટ્રાન્સફર ચીટ | ૩૧ |
| ૧૦ | નડીઆદ સીવીલ હોસ્પિટલના મરણજનારના કેસ પેપર્સ | ૩૨ |
| ૧૧ | મરણજનારનું સીટી સ્કેન રીપોર્ટ | ૩૩ |
| ૧૨ | મરણજનારનું નડીઆદ સીવીલ હોસ્પિટલનું સારવાર સર્ટી. | ૩૪ |
| ૧૩ | મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું | ૩૬ |
| ૧૪ | મુદામાલ આર્ટીકલ નં.૫,૬માંથી નીકળેલ પંચ સ્લીપ | ૩૯,૪૦ |
| ૧૫ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૧ |
| ૧૬ | મુદામાલ આર્ટીકલ નં. ૭,૮ માંથી નીકળેલ પંચ સ્લીપ | ૪૪,૪૫ |

*District & Sessions Judge,*
*Kheda at Nadiad.*

| | | |
|---|---|---|
| ૧૭ | આરોપીનું શરીર સ્થિતિનું અને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૧૮ | મરણજનારની લાશનું પી.એમ. કરવા કરેલ યાદી | ૪૯ |
| ૧૯ | અસલ પી.એમ. નોટ | ૫૦ |
| ૨૦ | કોઝ ઓફ ડેથ સર્ટી. | ૫૧ |
| ૨૧ | મરણોત્તર ફોર્મ | ૫૩ |
| ૨૨ | અમદાવાદ સીવીલ હોસ્પિટલ તરફથી અમદાવાદ પો.સ્ટે. આપેલ ટેલીફોન વર્ધી | ૫૫ |
| ૨૩ | લાશ સોપ્યાની પહોચ | ૫૬ |
| ૨૪ | મુદામાલ રવાનગી નોંધ | ૫૭ |
| ૨૫ | એફ.એસ.એલ. પહોચ | ૫૮ |
| ૨૬ | એફ.એસ.એલ.પત્ર | ૫૯ |
| ૨૭ | એફ.એસ.એલ. બાયોલોજી અને સીરોલોજીકલ અહેવાલ | ૬૦ |

ફરીયાદપક્ષ તરફથી આંક–૬૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ થતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ જાહેર કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનું વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું નોંધવામાં આવેલ છે અને તેમાં ખાસ કરીને જણાવેલ છે કે, અમારા પર ખોટો કેસ કરેલ છે અને અમોએ કોઈ જ ગુનો કરેલ નથી  તેમ જણાવી સોગંદ ઉપર જુબાની આપવી નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી પી.આર.તિવારી તથા વિધ્વાન વકીલશ્રી એ.આર.વ્યાસની મૌખિક દલીલો સાંભળી.

<u>ફરીયાદપક્ષે વિધ્વાન સરકારી વકીલશ્રી પી.આર.તિવારીની મૌખિક દલીલો</u>:

આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે કુલ ૧૬ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં સૌપ્રથમ આ કામના ફરીયાદી કે જેઓ મરણજનાર મણીભાઈના પત્ની અને આરોપીના માતા છે અને ફરીયાદ મુજબ તેઓ બનાવના નજરે જોનાર સાહેદ છે. વધુમાં દલીલ કરી જણાવે છે કે, આ કામે ફરીયાદી કોકીલાબેનની આંક–૧૨ ની સોગંદ ઉપરની જુબાની જોતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થનકારી જુબાની આપેલ છે. વધુમાં ફરીયાદપક્ષ

તરફથી તપાસવામાં આવેલ સાહેદ સચિન સેલકે કે જેઓ મરણજનાર અને ફરીયાદીના પાડોશી છે તેઓનો આંક–૧૪ નો પુરાવો ધ્યાને લેતા તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં હાલના કામે જોવામાં આવે તો ફરીયાદીએ આરોપીની માતા છે અને ફરીયાદીની જુબાની ધ્યાને લેતા તેણીએ તેના દિકરા વિરુધ્ધ ખોટી જુબાની આપવાનું કોઈ કારણ નથી. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

<u>આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.આર.વ્યાસ ની આંક–૬૨ લગત લેખીત દલીલો</u>

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.આર.વ્યાસે તેમની લેખીત દલીલમાં જણાવેલ છે કે, સૌપ્રથમ હાલનો બનાવ તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ બનેલો છે અને ફરીયાદ તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે પરંતુ પાંચ દિવસ મોડી ફરીયાદનું કોઈ વ્યાજબી કારણ જણાવેલ નથી કે ખુલાસો કરેલ નથી. વધુમાં ફરીયાદણ આ કામના

આરોપીની માતા છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ તેણી બનાવના નજરે જોનાર સાહેદ છે પરંતુ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક પુરાવો ધ્યાને લેતા ફરીયાદણે હાલનો બનાવ નજરે જોયેલ હોય તેવુ ફલીત થતુ નથી. વધુમાં ફરીયાદણની જુબાની આંક–૧૨, ફરીયાદ આંક–૧૩ બન્ને ધ્યાને લેતા મહત્વના વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં આંક–૧૩ ની ફરીયાદમાં બનાવ બાદ બુમાબુમ થતા મિથુન બરફવાળા આવેલા હોવાનુ અને મહેમદાવાદ હોસ્પિટલમાં લઈ ગયેલા હોવાનું જણાવે છે. જયારે આંક–૧૨ ની જુબાનીમાં આવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદમાં એક ધોકાના ઘા મારેલ હોવાનું જણાવેલ છે અને મેડીકલ ઓફીસરશ્રીના અભિપ્રાય મુજબ એક ધોકા ના ઘા વડે મરણજનારને જે માથાની ત્રણ ઈજાઓ થયેલ છે તે થઈ શકે નહી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં મરણજનારને સૌપ્રથમ મહેમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે મનુભાઈ રાવળ નામના વ્યકિત લઈ ગયેલા પરંતુ ફરીયાદપક્ષ તરફથી આ મનુભાઈ રાવળને તપાસવામાં આવેલા નથી. વધુમાં તપાસ કરનાર

અમલદારે તપાસના કામે ધોકો કબજે કરવામાં આવેલ છે પરંતુ તેના ઉપર કોઈ લોહીના નિશાન મળી આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમતનામું શંકારહીત પુરવાર કરવામાં સફળ રહેલ ના હોય આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે.

***કેસના ન્યાયિક નિર્ણય માટેના મુદ્દાઓ અને તેના જવાબ :***

(૫) ઉપરોકત ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓ તેમજ બન્ને વિ. વકીલશ્રી ઓની દલીલો અને તમામ સંજોગો, પરિસ્થિતી લક્ષમાં લેતાં મારા નિર્ણય માટે નીચે પ્રમાણેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::- મુ દ્દા ઓ -::**

:૧: શું ફરીયાદપક્ષ એવું તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને સાબિત કરે છે કે, તા.૦૨/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે મોજે મહેમદાવાદ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મકાન નં. ૧૮૦ ના રસોડામાં આરોપીએ મરણજનાર

પોતાના પિતા પાસે બીડીઓ લાવવા માટે પૈસા માંગતા મરણજનારે પૈસા નહી આપતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ મરણજનારને ધકકો મારી નીચે પાડી દઈ માથાના ભાગે લાકડાનું ધોકરણુ મારી ગંભીર ઈજાઓ પહોચાડી ખુન કરી ઈ.પી.કોડ કલમ–૩૦૨ મુજબનો ગુનો કરેલ છે ?

:ર: શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે પ્રમાણે છે :–

:૧: નકારમાં

:ર: આખરી હુકમ મુજબ.

**::– કારણો –::**

(૭) આ કામે ઈ.પી.કોડ કલમ–૩૦૨ ના ગુનાના કામની ઈન્સાફી કાર્યવાહી આ કોર્ટમાં થયેલ છે અને તેમાં દસ્તાવેજી અને મૌખિક પુરાવો આવેલ છે. ક્રિમીનલ ટ્રાયલમાં પુરાવાનો બોજો પ્રોસીકયુશન ઉપર હોય છે અને તેમાં પ્રોસીકયુશન તરફથી જે સાબીતી આપવામાં આવે તe શંકાથી પર મુજબની હોવી જોઈએ અને તેથી આ

કામે શંકાથી પર પુરાવો (Beyond reasonable doubt) આવેલ છે કે કેમ તે જોવાનું રહે છે.

(૮) આ કામે આવેલ પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતા પહેલા આ કામે કોર્ટ રૂબરૂ જે પુરાવો આવેલ છે તેને અત્રે રજુ કરવો આવશ્યક જણાય છે.

<u>ફરીયાદ – આંક–૧૩</u>

આ કામે ફરીયાદી કોકીલાબેન વા.ઓ. મણીભાઈ સોમાભાઈ ભોઈનાઓએ પોતાની આંક–૧૩ની ફરીયાદમાં તા. ૧૩/૧૨/૨૦૨૮ ના રોજ નીચેની હકીકતો લખાવેલ છે.

હું હાલ સમસપુર, મહેમદાવાદ, ગુજરાત હાઉસીંગ બોર્ડ તા. મહેમદાવાદ મુકામે મારા પતિ તથા મારા દિકરા વિષ્ણુ સાથે રહેતી હતી અને મારે સંતાનમાં બે દિકરા હતા જેમાં મોટો દિકરો વિષ્ણુભાઈ ઉ.વ. ૩૫ તથા તેનાથી નાનો મહેશભાઈ જે સાતેક વર્ષ પહેલા મરણ ગયેલ છે અને મારા હું ઘરકામ અને મહેનત મજુરી કામ કરુ છુ. મારા પતિને છેલ્લા છએક વર્ષથી લકવાની બીમારી હતી અને મારો દિકરો વિષ્ણુભાઈ છેલ્લા દસેક વર્ષથી અસ્થિર મગજનો થઈ ગયેલ હોઈ કોઈ કામ ધંધો કરતો નથી અને રખડતો ફર્યા કરે છે અને વાપરવા માટે અવાર નવાર ઘરે પૈસા માગતો ફરે છે.

ગઈ તા.૦૨/૦૭/૨૦૨૨ ના રોજ હું સવારના પાંચેક વાગ્યે ઉઠી ઘરકામ કરી નાહી ધોઈ મારા પતિ તથા મારા દિકરાને જગાડીને તેઓ નાહ્યા-ધોયા પછી ચા પાણી કરેલા અને ત્યારપછી સવારના સાતેક વાગ્યે મારો દિકરો વિષ્ણુભાઈ મારા પતિ પાસે બીડી લાવવા પૈસા માગતો હોઈ જેથી મારા પતિએ તેને બીડી લાવવા પૈસા નહી આપતા આ મારો દિકરો તેના પહેરેલ કપડા કાઢી નાખી નાગો થઈ જતા મે તથા મારા પતિએ તેને આવુ નહી કરવા કહેતા આ મારો દિકરો ઉશ્કેરાઈ ગચેલો અને મારા પતિને ધકકો મારી પાડી દીધેલ અને નજીકમાંથી લાકડાનું ધોકરણુ લઈ મારા પતિને જોરથી માથામાં મારી દીધેલુ જેથી મારા પતિને માથામાં પુષ્કળ લોહી નીકળતા નજીકમાંથી મિથુન બરફવાળો તથા તેના છોકરાનાઓ આવી જતા મારા પતિને રીક્ષામાં લઈ સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગચેલા અને ત્યાંથી વધુ સારવાર માટે મારા પતિને નડીઆદ સીવીલમાં ટ્રાન્સફર કરતા એમ્બ્યુલન્સમાં નડીઆદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગચેલા અને ત્યા પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરતા તે જ દિવસે ૧૦૮ મોબાઈલમાં અમદાવાદ સિવિલ

હોસ્પિટલમાં સારવાર માટે લાવતા આઈસીયુ બોર્ડમાં સારવાર માટે દાખલ કરેલ હતા અને હું તેમની સારવાર માટે રોકાયેલ હતી અને આજરોજ વહેલી સવારના સાતેક વાગ્યે મારા પતિ સારવાર દરમ્યાન ગુજરી ગયેલ છે જેથી ગઈ તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ સવારના સાતેક વાગ્યે મારા દિકરા વિષ્ણુએ બીડી લાવવા મારા પતિ પાસે પૈસા માંગતા મારા પતિએ તેને પૈસા નહી આપતા મારા દિકરાએ તેને ધકકો મારી પાડી લઈ માથાના ભાગે ધોકરણુ મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ હોય અને આજોરજ મારા પતિ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયેલ હોઈ મારા પતિના મોત બાબતે મારા દિકરા વિષ્ણુભાઈ મણીભાઈ ભોઈનાઓ વિરુધ્ધમાં કાયદેસર તપાસ થવા ફરીયાદ પી.એસ.આઈ. મહેમદાવાદ પો.સ્ટે.નાઓ રુબરુ આપવામાં આવેલી.

<u>ફરીયાદી કોકીલાબેન મણીભાઈ ભોઈને આંક–૧૨ ની જુબાની</u>

આ કામે ફરીયાદી કોકીલાબેન મણીભાઈ ભોઈને આંક –૧૨ થી કોર્ટ રુબરુ સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં તેણીએ જણાવેલ છે કે, તેણી પોતાના પતિ મણીભાઈ અને દિકરા વિષ્ણુ સાથે રહેતી હતી અને તેણીનો નાનો દિકરા મહેશભાઈનું બનાવ પહેલા ખુન થઈ ગયેલ હતુ અને તેણીના

પતિને બનાવ વખતે હાથે પગે લકવો હતો. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, દિકરો વિષ્ણુ કડીયાકામની મજુરી કરતો હતો. વધુમાં ફરીયાદણ એવુ જણાવે છે કે, બનાવ આઠ મહીના પહેલા શનિવારના દિવસે બનેલો અને તે દિવસે સવારે સાત વાગ્યે તેણી તથા તેના પતિ નાહી–ધોઈને પરવારેલા અને વિષ્ણુ પણ નાહીધોઈ પરવારેલો અને તે સમયે વિષ્ણુએ તેના પિતા પાસે બીડી લેવા પૈસા માંગેલા જેથી ફરીયાદણના પતિએ રૂા. ૫૦/– વિષ્ણુને આપેલા અને કહેલ કે રૂા. ૨૫ની બીડી લાવજે અને રૂા. ૨૫ ની તેના માટે વિમલ(પાનમસાલા) લાવજે અને આ પછી વિષ્ણુએ તેના પિતા એટલે કે કે ફરીયાદણના પતિને લાકડાનો ધોકો માથાના ભાગે મારેલો. જેથી ફરીયાદણે બુમાબુમ કરેલી તે વખતે પાડોશના છોકરાઓ ભેગા થઈ ગયેલા અને તે પછી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ભોગ બનનારને સારવાર માટે પ્રથમ મહેમદાવાદ સરકારી હોસ્પિટલમાં ત્યારબાદ નડીઆદ સીવીલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવેલા અને સારવાર દરમ્યાન ફરીયાદણના પતિનું પાંચ દિવસ બાદ અમદાવાદ

દવાખાનામાં મૃત્યુ નિપજેલુ અને તેણીએ આ બાબતે ફરીયાદ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં આપેલી. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, ફરીયાદ આપ્યા બાદ પોલીસ તેણીના ઘરે આવેલી અને ફરીયાદણ કોર્ટ રુબરુ આરોપીને ઓળખે છે અને ફરીયાદણને કોર્ટ રુબરુ લાકડાનો ધોકો ગુનામાં વપરાયેલ હથિયાર તરીકે ઓળખી બતાવે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદણ વધુમાં જણાવે છે કે, તેણી અભણ છે અને તેણીને વાંચતા લખતા આવડતુ નથી અને બનાવ પહેલા ૧૧–૧૨ વર્ષથી દિકરો વિષ્ણુ અસ્થિર મગજનો થઈ ગયેલ હતો અને તેથી વિષ્ણુને કોઈ ભાન રહેતુ ન હતુ અને તે કપડા ગમે ત્યારે કાઢી નાખતો હતો. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, તેણીના પતિ મણીભાઈનું અમદાવાદ ખાતે અવશાન થતા તેમની લાશને અમદાવાદથી સીધા સમસપુર લઈ ગયેલા અને ત્યા આખો દિવસ અંતિમ ક્રિયા અને લૌકિક ક્રિયા ચાલેલી અને તેણી સમસપુર ખાતે બાર દિવસ રહેલી. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેણી મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ગયેલ હોય તેવુ બનેલ નથી અને તેણીના પતિને ઈજા થયા બાદ તેણીએ તુરત જ પોલીસ ફરીયાદ

આપેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તેણીના પતિ મણીભાઈને ઘરમાં આવેલ બારશાખ સાથે માથુ અથડાવવાથી ઈજા થયેલી. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેણીએ ફરીયાદમાં 'મારા પતિએ પચ્ચાસ રૂપિયા વિષ્ણુભાઈને આપેલા અને કહેલુ કે પચ્ચીસ રૂપિયાની બીડી લાવજે અને પચ્ચીસ રૂપિયાની મારા માટે વિમલ લાવજે' તેવુ ફરીયાદમાં લખાવેલ નથી તેમજ બુમાબુમ કરેલી તેવું પણ ફરીયાદમાં લખાવેલ નથી. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, વિષ્ણુએ તેણીના પતિ પાસે બીડીના પૈસા માગેલા ત્યારે તેણે શરીર ઉપર કોઈ કપડા પહેરેલા ન હતા. વધુમાં ફરીયાદણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારા પતિ મણીભાઈને ઈજા થઈ તે સમયે હુ કપડા ધોતી હતી. ફરીયાદણ એવુ પણ જણાવે છે કે, તેણીએ ઓળખી બતાવેલ મુદામાલ ધોકા જેવા કપડા ધોવાના ધોકા સામાન્ય રીતે દરેકના ઘરમાં હોય છે.

(૮.૨) <u>સાહેદ સચીન મધુકરભાઈ સેલકેની આંક–૧૪ ની જુબાની</u>

આ કામે આંક–૧૪ થી સાહેદ સચીન મધુકરભાઈ સેલકેને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ મહેમદાવાદ મુકામે આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં.૪૦૩ માં રહે છે અને તેઓ ધો. ૧૦ સુધી ભણેલા છે અને ગુજરનાર અને તેમના પત્ની કોકીલાબેન (ફરીયાદણ) તથા વિષ્ણુ (આરોપી) તેમની સામેની બાજુ ક્રોસમાં રહેતા હતા અને બે વર્ષ પહેલા સવારના સાડા છ થી સાત વાગ્યાના અરસામાં મણીભાઈની પત્ની કોકીલાબેને બુમાબુમ કરેલી જેથી તે તથા આજુબાજુના માણસો બહાર આવેલા અને તેણે જઈને જોતા મણીભાઈ તેમના ઘરના રસોડા પાસે તરફડીયા મારતી હાલતમાં લોહીલુહાણ હાલતમાં પડેલા હતા અને બાજુમાં દિકરો વિષ્ણુ હાથમાં લાકડાનો ધોકો લઈને ઉભો હતો અને ત્યારબાદ બધા માણસો ભેગા થઈને વિષ્ણુના હાથમાંથી ધોકો છોડાવેલો અને ત્યારબાદ મણીભાઈને રીક્ષામાં સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે એમ્બ્યુલન્સમાં નડીઆદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં લઈ ગયેલા અને સારવાર દરમ્યાન છએક દિવસ બાદ મણીભાઈનું મૃત્યુ થયેલાનું જાણેલુ. વધુમાં સાહેદ જણાવે છે કે, કોર્ટ રુબરુ બનાવ વખતે આરોપીના હાથમાં રહેલો

લાકડાનો ધોકો ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, વિષ્ણુભાઈ તેમના પાડોશમાં રહેતા હોઈ તે તેમને ઓળખે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં આ સાહેદ વધુમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, મુદામાલ ધોકામાં લોહીના ડાઘા હોય તેવા નિશાનો જોવા મળતા નથી. એ વાત ખરી છે કે, મણીભાઈને કેવી રીતે વાગેલુ તે તેમણે નજરે જોયેલ નથી. તેમજ આરોપી વિષ્ણુ છેલ્લા ઘણા સમયથી અસ્થિર મગજના થઈ ગયેલા હતા. વધુમાં આ સાહેદ એવુ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેઓ કોકીલાબેનના ઘરે પહોચ્યા ત્યારે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા. વધુમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, બધા માણસોએ ભેગા થઈને વિષ્ણુના હાથમાંથી ધોકો છોડાવી લીધાનુ ખોટુ જણાવુ છુ. વધુમાં સાહેદ જણાવે છે કે, મણીભાઈને રીક્ષામાં દવાખાને લઈ ગયા બાદ તેઓ પોતાના ઘરે જતા રહેલા.

(૮.૩) <u>એફ.એસ.એલ. સાહેદ નયનાકુમારી મોહનસિંહજી રાજપુતની આંક–૧૭ ની જુબાની</u>

આ કામે આંક–૧૭ થી એફ.એસ.એલ. સાયન્ટીફીક ઓફીસર નયનાકુમારી મોહનસીંહજી રાજપુતને કોર્ટ રુબરુ સોગંદ ઉપર

તપાસેલા છે તેણી તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેણી એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન વાનના અધિકારી તરીકે નડીઆદ મુકામે ફરજ ઉપર હાજર હતી તે દરમ્યાન મહેમદાવાદ પોલીસ સ્ટેશન તરફથી આ કામે ગુનાવાળી જગ્યાની મુલાકાત લેવાની તેણીને ટેલીફોનીક જાણ કરવામાં આવેલી અને જેથી તેણી તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ સાંજના ૫/૧૫ થી ૬/૧૫ દરમ્યાન મહેમદાવાદ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૧૮૦ માં ગયેલ અને ત્યાં તપાસ કરનાર અમલદાર એન.ડી.નકુમ હાજર હતા અને ગુનાની હકીકતથી તેણીને વાકેફ કર્યા બાદ તપાસ કરનારે ગુનાવાળી જગ્યા બતાવેલી જે જગ્યા મકાન નં. ૧૮૦ ના રસોડામાં આવેલ હતી અને રસોડાના પ્રવેશધ્વારથી ત્રણ ફુટના અંતરે આશરે બે ફુટના ઘેરાવામાં લુછી નાખેલ સુકાઈ ગયેલા રતાશ પડતા ડાઘ જોવા મળેલા અને રસોડામાં ભોયતળીયે રતાશ પડતા છાંટાઓ જોવા મળેલા અને રસોડાની પ્લેટફોર્મ નજીક એક સફેદ કલરનું લાકડાનું ધોકરણુ જોવા મળેલુ અને તેના ઉપર આછા રતાશ પડતા ડાઘા જોવા મળેલા અને સદર સાહેદે તે ડાઘાઓનું તેમની પાસે રહેલ બ્લડ કીટથી

પરીક્ષણ કરતા પ્રથમ દ્રષ્ટિએ લોહી હોવાનું માલુમ પડેલુ અને તે પછી આ કામના તપાસ કરનારને બનાવ સ્થળેથી મેળવેલ લોહીના નમુનાઓ, મુદામાલ ધોકરણુ તથા મરણજનાર અને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તેમજ આરોપી અને મરણજનારના લોહીના નમુના મેળવી એફ.એસ.એલ. મોકલવા સુચન કરેલુ અને તે પછી તેણીએ સ્થળ ઉપર કરેલ સ્થળ પરીક્ષણનો આંક–૧૮ વાળો અહેવાલ તેમના હસ્તાક્ષરમાં લખી તપાસ કરનાર અમલદારને સુપરત કરેલો.

બચાવપક્ષની ઉલટતપાસમાં આ સાહેદ વધુમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ બાદ પોલીસે તરત જ તેણીએ ઘટના સ્થળે બોલાવેલ હોય તેવુ બનેલ નથી અને બનાવ બાદ તેણી છ દિવસ પછી ઘટના સ્થળે સ્થળ પરીક્ષણ માટે ગયેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેણીની તપાસ દરમ્યાન બનાવ સ્થળે માનવ લોહી હોય તેવો કઈ પુરાવો આવેલો ન હતો.

(૮.૪) <u>સાહેદ શેરજી બળવંતજી રાજપુતની આંક–૧૯ લગત જુબાની</u>

આ કામે આંક–૧૯ થી સાહેદ શેરજી બળવંતજી રાજપુતને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં

તેમણે જણાવેલ છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ મહેમદાવાદ મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના બનાવની ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે મામલતદારશ્રીએ તેમને સુચના આપેલી અને તે સંબંધમાં તેમણે આ કામના ગુનાવાળી જગ્યાની મુલાકાત લીધેલી અને નકશો તૈયાર કરેલો અને તે નકશો મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં મોકલી આપેલો. તે નકશામાં જે હસ્તાક્ષર છે તે કલાર્કના છે અને ઓફીસર તરીકે તેમાં તેની સહી છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં આ સાહેદ વધુમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેને જે પોલીસ યાદી મળેલી તેની સાથે ગુનાવાળી જગ્યાના વર્ણન સાથેનું પંચનામું પણ મળેલુ. સાહેદ વધુમાં એવુ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, નકશામાં નકશો કઈ તારીખે બનાવેલો તેનો ઉલ્લેખ નથી. સાહેદ એવુ પણ જણાવે છે કે, નકશો તેણે બનાવેલો પરંતુ તેમનું લખાણ કલાર્કના હસ્તાક્ષરમાં છે. આ સાહેદ એવુ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આંક−૨૨ ના નકશામાં ગુનાવાળી જગ્યા જણાવવામાં આવેલ છે તેની આજુબાજુમાં કપડા ધોવાની ચોકડી આવેલ હોય તેવો ઉલ્લેખ નથી.

એ વાત ખરી છે કે, નકશામાં જે બારણુ બતાવેલ છે તે બારણાનું બારશાખ કેટલી ઉચાઈવાળુ છે તે જણાવેલ નથી.

(૮.૫) <u>સાહેદ ડો. મેઘા કિર્તિકુમાર શાહની આંક–૧૫ ની જુબાની</u>

આ કામે આંક–૧૫ થી ડો. મેઘા કિર્તિકુમાર શાહને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેણી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ તેણી સી.એચ.સી. મહેમદાવાદ મુકામે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતી તે દરમ્યાન આ કામના ઈજા પામનાર મનુભાઈ સોમાભાઈ ભોઈનાઓને તેમના પાડોશી મનુભાઈ રાવળનાઓ લઈને આવેલા અને તે વખતે દર્દી ભાનમાં ન હતા. દર્દીને થયેલી ઈજા બાબતે પુછતા તેમની સાથે આવેલા તેમના પાડોશી મનુભાઈ રાવળનાઓએ લખાવેલ કે, તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૬/૩૦ કલાકે વિષ્ણુભાઈનાઓએ ધોકા વડે મારેલ છે. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને તપાસતા તેને જે ઈજાઓ માલુમ પડેલ તેમાં (૧). જમણા કાનના ઉપરના માથાના ભાગે ૬×૦.૫×૦.૫ સે.મી. કપાયેલો છુંદાયેલો ઘા હતો. (૨) માથાના પાછળના ભાગે સોજો હતો.

(૩) જમણી આંખ ઉપર સોજો હતો તથા કાળા પાસ પડી ગયેલો હતો. ડોકટરશ્રી વધુમાં જણાવે છે કે, આ દર્દીની પ્રાથમિક સારવાર કર્યા બાદ દર્દીને તેણીએ નડીઆદ સીવીલ હોસ્પિટલમાં રીફર કરેલા. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને થયેલી ઈજાઓ ગંભીર અને તાજી હતી અને તે ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી તેણીને જે ધોકો બતાવવામાં આવેલ તેવા લાકડાના ધોકાથી થઈ શકે તેવી હતી. આ ડોકટરશ્રીએ આંક–૧૬ વાળુ મેડીકલ સર્ટી. આપેલ હતુ. દર્દીને પછી હાયર સ્ટેશનમાં રીફર કરેલા અને એમ.એલ.સી.કેસ સંબંધે મહેમદાવાદ પોલીસમાં જાણ કરેલી.

બચાવપક્ષની ઉલટતપાસમાં ડોકટરશ્રી વધુમાં જણાવે છે કે, આંક–૧૬ વાળા સર્ટી.માં દર્દી મણીભાઈ સંપુર્ણ બેભાન હોય તે સ્પષ્ટ લખેલ નથી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દી મણીભાઈ સાથે તેમના પત્ની આવેલા હતા કે કેમ તે કહી શકે નહી. વધુમાં ડોકટરશ્રીએ એવુ પણ જણાવેલ છે કે, દર્દીને થયેલી ઈજા વ્યકિતનું માથુ દરવાજાના લાકડાના બારશાખ સાથે અથડાય તો થઈ શકે તેવી હતી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, આંક–૧૬ માં દર્શાવેલ ઈજા નં. ૧,

૨,૩ એક જ ફટકામાં થઈ શકે નહી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, આંક–૧૬ વાળા એમ.એલ.સી. કેસની જાણ પોલીસને કર્યાની હકીકતની નોંધ નથી.

(૮.૬) <u>સાહેદ ડો. નિર્મલા રામ મટાઈની આંક– ૩૦ ની જુબાની</u>

આ કામે આંક–૩૦ થી ડો. નિર્મલા રામ મટાઈને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ તેણી નડીઆદ સીવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતી તે વખતે ભોગ બનનારને વધુ સારવાર માટે લાવવામાં આવેલા અને તેણીએ દર્દીને જોતા દર્દી અર્ધ બેભાન અવસ્થામાં હતા અને દર્દીની ઈજા સંબંધે પુછતા તેમની સાથે આવેલા પાડોશી મનુભાઈ રાવળનાઓએ જણાવેલ કે તેમના દિકરા વિષ્ણુએ ધોકા વડે મારેલ છે. જે હીસ્ટ્રી આંક– ૩૨ ના કેસ પેપર્સમાં નોંધી લીધેલી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને તપાસતા (૧). દર્દીના માથામાં જમણી બાજુએ ટાંકા લીધેલો ઘા હતો (૨) માથામાં પાછળની બાજુએ મોટો સોજો હતો. (૩) જમણી આંખની પાસે કાળુ થઈ ગયેલ હતુ અને આખી આખ કુલી ગયેલી હતી

અને આંખથી લઈને જમણા ગાલ સુધી સોજો જણાયેલો. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, સીટી સ્કેન કરાવ્યા બાદ દર્દીને માથામાં અને મોઢા ઉપર ઘણી આંતરીક ઈજાઓ જણાયેલી. વધુમાં ડોકટરશ્રીએ આંક–૩૩ થી સીટી સ્કેન રીપોર્ટ રજુ કરેલ છે અને ઉપરોકત થયેલી ઈજાઓ ગંભીર પ્રકારની અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને ૨૪ કલાકની અંદર થયેલી હતી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીની પરીસ્થિતિ ગંભીર હોવાથી વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં રીફર કરેલા.

બચાવપક્ષની ઉલટતપાસમાં વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને તેણી પાસે લાવવામાં આવેલા ત્યારે તેની સાથે તેમના પત્ની હતા કે કેમ તે અત્યારે કહી શકે નહી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને જે ઈજાઓ થયેલી તે ધોકાના એક જ ફટકાથી થઈ શકે તેવી ન હતી. વધુમાં ડોકટરશ્રી એવુ પણ જણાવે છે કે, આ દર્દીની મેડીકોલીગલ ઈન્જરી સંબંધે તેમની હોસ્પિટલ દ્વારા પોલીસને કોઈ જાણ કરેલી નહી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, દર્દીને તપાસ્યા સિવાય કોઈ સારવાર તેમની હોસ્પિટલમાં કરેલી નહી.

(૮.૭) <u>પી.એમ. કરનાર ડો. નિસર્ગ કરશનભાઈ હુમલની આંક –૪૮ ની જુબાની</u>

આ કામે આંક–૪૮ થી મરણજનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરનાર ડો. નિસર્ગ કરશનભાઈ હુમલને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન મરણજનાર મણીભાઈ સોમાભાઈ ભોઈની લાશનું પોસ્ટ મોર્ટમ થવા માટે મહેમદાવાદ પોલીસ સ્ટેશનની લેખીત યાદી સાથે તેમને ત્યા આવેલી અને તેમણે તે લાશનું તે દિવસે કલાક ૧/૩૫ વાગ્યે પી.એમ. શરુ કરી ૩/૦૦ કલાકે પુર્ણ કરેલ અને લાશ ૭૦ વર્ષની ઉમરના પુરુષની હતી અને તે લાશના માથા ઉપર પિંક કલરનો પાટો બાંધેલો હતો અને લાશ ઠંડી પડેલી હતી અને સામાન્ય બાંધાની હતી અને લાશ ઉપર અર્ધ વિકસીત અવસ્થામાં રીગર મોર્ટીસ જોવા મળતુ હતુ અને પી.એમ. લીવીડીટી પીઠના ભાગે ફીકસ થયેલી હતી અને લાશની આંખો અને મોઢું બંધ હતા. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, લાશનું પી.એમ. કરતા બાહય ઈજાઓ માલુમ પડેલી (૧) ૩૦ સે.મી.નો

જે આકારનો સર્જીકલ ટાંકા લીધેલો ઘા માથાના ડાબા ભાગે ડાબા નેણથી ૫ સે.મી. ઉપરના ભાગે હતો જે ડાબા કાન સુધી પહોચતો હતો.(૨) ૨ સે.મી.નો ઉભો સર્જીકલ ટાંકા લીધેલો ઘા માથાના જમણા ફ્રન્ટલ ભાગે જમણા નેણથી ઉપરના ભાગે હતો. (૩) ૩ સે.મી. નો આડો સર્જીકલ ટાંકા લીધેલો ઘા માથાના જમણા પરાઈટલ ભાગમાં જે જમણા નેણથી ૧૩ સે.મી. ઉપરના ભાગે હતો. (૪) ૧૬×૧૮ સે.મી. ના માપનો પીળા રંગનું પ્રસરેલુ ચકામુ જમણા ગાલ ઉપર અને ગળાના બહારના ભાગે હતુ તેમજ સારવાર માટે ગળાના આગળના ભાગે કાણુ પાડેલુ હતુ. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, લાશની ઉપરની ઈજાઓમાં લીધેલ ટાંકાઓ ખોલી જતા તેઓના માર્જીન એકબીજા સાથે સંપુર્ણ રીતે ચોટી ગયેલા હતા જે ખોલવા માટે ફોર્સ કરવાની જરૂર પડેલી અને તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની જણાવેલી અને લાશ ઉપર કોઈ અસ્થિભંગ જોવા મળેલ નહી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, લાશની આંતરીક તપાસ કરતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી (૧) માથાના ભાગે ૨૫×૧૦ સે.મી. માપનું ત્વચાની નીચેનું ચકામુ બન્ને ફ્રન્ટલ પરાઈટલ અને જમણા ટેમ્પોરલ ભાગને આવરી લેતુ હતુ. (૨) ૧૬×૧૦ સે.મી.

માપનું ખોપરીનું ડાબી તરફનું હાડકુ સારવાર માટે નીકાળેલ હોવાનું જણાયેલુ. (૩) ૧૦ સે.મી.નું લીનીયર ફ્રેકચર જમણા ટેમ્પોરલ હાડકાથી શરુ કરી જમણા પરાઈટલ હાડકા સુધી પહોચતુ હતુ. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, લાશના બન્ને ફેફસા કન્જસ્ટેડ હતા અને હદયની ચેમ્બરોમાં લોહી ભરાયેલુ હતુ અને લાશના નાના આતરડામાં ગેસ અને મોટા આતરડામાં ગેસ અને મળ જોવા મળેલુ અને પેશાબની કોથળી ખાલી હતી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, લાશ ઉપરથી લોહી મેળવી એફ.એસ.એલ.માં મોકલેલ. વધુમાં ડોકટરશ્રી એવુ પણ જણાવે છે કે, લાશ વાળી વ્યકિતનું મૃત્યુ માથાના ભાગની ઈજાઓના કારણે શ્વાસોશ્વાસની ક્રિયા બંધ થઈ જવાથી થયેલુ. મરણજનારનું મૃત્યુ થયા બાદ તેમની હોસ્પિટલમાંથી પોલીસને ટેલીફોન વર્ધી લખાવીને જાણ કરવામાં આવેલી. વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, મરણજનારને થયેલી ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. કપડા ધોવા માટે વપરાતો ધોકો બતાવવામાં આવેલ છે જે જોઈને ડોકટરશ્રી જણાવે છે કે, પોસ્ટ મોર્ટમ રીપોર્ટના કોલમ નં. ૧૭ અને ૧૮ ની ઈજાઓ આ ધોકાથી થઈ શકે તેવી હતી તેમજ પી.એમ. નોટમાં જે ઈજાઓ દર્શાવેલ

જે માથાની ઈજાઓ છે સામાન્ય ક્રમમાં કોઈપણ વ્યકિતનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું જણાવે છે.

ઉલટતપાસમાં વધુમાં ડોકટરશ્રી જણાવે છે કે, એ વાત ખરી છે કે, ગુજરનારને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં કોઈ મૃત્યુ પહેલાની સારવાર આપેલ નથી. ડોકટરશ્રી એવુ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના મુદામાલ ધોકાના એક જ ઘા થી કોલમ નં. ૧૭ માં દર્શાવેલી પાંચેય ઈજાઓ એક જ સાથે સંભવી શકે નહી.

(૮.૮) <u>પંચ સાહેદ સમીરખાન મુસ્તુફાખાન પઠાણની આંક-૨૩ ની જુબાની</u>

આ કામે આંક-૨૩ થી પંચ સાહેદ સમીરખાન મુસ્તુફાખાન પઠાણે કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, દોઢેક વર્ષ પહેલા તેઓ રીક્ષાને લઈને જતા હતા ત્યારે તેઓને પોલીસે મહેમદાવાદ હાઉસીંગ બોર્ડના રહેણાક વિસ્તારમાં બોલાવેલો અને ત્યા મહેમદાવાદ પો.સ્ટે.ના પી.એસ.આઈ. હાજર હતા અને બીજા પોલીસવાળા હાજર હતા. વધુમાં સાહેદ જણાવે છે કે, બનાવવાળી જગ્યાએ લોહી પડેલ અને એક ધોકો પડેલ તે પોલીસે બતાવેલ અને બનાવવાળી જગ્યા ગુજરાત હાઉસીંગ

બોર્ડનું એક મકાન હતુ અને તેનો નંબર યાદ નહી હોવાનું જણાવે છે અને ત્યા એક રૂમની બાજુમાં ખુણામાં લોહીના લાલ ડાઘ હતા અને પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમની હાજરીમાં કરેલુ અને તેમાં તેમની સહી કરાવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, પોલીસે ગુનાવાળી જગ્યાએથી કોઈ વસ્તુ કબજે કરેલી કે કેમ તે તેમને યાદ નથી. મુદામાલ આર્ટીકલ નં. ૪ નો ધોકો ગુનાવાળી જગ્યાએ પડેલો તે તે જ હોવાનુ આ સાહેદ જણાવે છે અને આર્ટીકલ નં. ૩ ના કંતાન બાબતે તેઓ કાઈ જાણતા નથી અને મુદામાલ આર્ટીકલ નં. ૧–૨ વાળી ડબ્બીઓ વિશે તેઓ કશુ જાણતા નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, પોલીસે તેમને ગુનાવાળી જગ્યાએ સમજ કરીને બોલાવેલ હોય અને ત્યા કોકીલાબેન મણીભાઈ હાજર હોય અને તેઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીકયશુન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીકયુશન તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે આ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં વધુમાં સાહેદ જણાવે છે કે, મારે રીક્ષા ડ્રાઈવીંગનો ધંધો હોઈ પોલીસ ને વારંવાર મળવાનું થાય છે. એ વાત ખરી છે કે, મહેમદાવાદ પો.સ્ટે.ના ઘણા બધા અન્ય કેસોમાં મને પંચ તરીકે રાખવામાં આવેલો છે. પોલીસે મને બોલાવેલ અને પંચનામામાં સહી કરવાનું કહેવુ.

(૮.૯) <u>પંચ સાહેદ અનિલભાઈ અશોકભાઈ જાડેજાની આંક–૨૯ ની જુબાની</u>

આ કામે આંક–૨૯ ના પંચ સાહેદ અનિલભાઈ અશોકભાઈ જાડેજાને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમની ત્રણેક મહીના પહેલા પોલીસ ચોકીમાં બોલાવી સહી લીધેલી અને પોલીસે તેમને ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને તેમના રુબરુમાં ગુનાવાળી જગ્યાએથી કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીક્યુશન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીક્યુશન તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં

આ સાહેદે આ કામના બનાવની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૧૦) <u>પંચ સાહેદ મહીપતભાઈ કરશનભાઈ ઠાકોરની આંક–૩૫ ની જુબાની</u>

આ કામે આંક–૩૫ થી સાહેદ મહીપતભાઈ કરશનભાઈ ઠાકોરને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ પોતાના દિકરા વિશાલને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા ત્યારે પોલીસવાળા મળેલા અને તેઓને પી.એમ. રૂમમાં બોલાવેલા અને ત્યા એક લાશ પડેલી હતી જે લાશ ગુજરનાર મણીભાઈની હોવાનું જણાવેલુ અને તેના રુબરુ પંચનામુ થયેલુ. ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, તે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ગયેલો ત્યારે ઘણી બધી લાશો જોયેલી.

(૮.૧૧) <u>સાહેદ સાકીરમીયા કાસમમીયા શેખની આંક–૩૮ ની જુબાની</u>

આ કામે આંક–૩૮ ના સાહેદ સાકીરમીયા કાસમમીયાને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ મહેમદાવાદ પોલીસ સ્ટેશને તેમને બોલાવેલા અને ત્યા

એક લખેલા કાગળમાં સહી કરાવવામાં આવેલી અને ત્યા કોઈ ઈસમ હાજર હોય અને કોઈ ચીજવસ્તુ રજુ કરેલી હોય તેવુ બનેલ નથી. આ સાહેદને પેન્ટ અને શર્ટ બતાવવામાં આવતા આ સાહેદે જણાવેલ છે કે, તે બાબતમાં તે કશુ જાણતો નથી. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીકયશુન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીકયુશન તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે પુછવામાં આવેલ સવાલોનો ઈન્કાર કરેલ છે.

(૮.૧૨) <u>સાહેદ દિનેશભાઈ છોટાભાઈ બારોટની આંક–૪ર ની જુબાની</u>

આ કામે આંક–૪ર થી સાહેદ દિનેશભાઈ છોટાભાઈને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ પોલીસે તેને બોલાવેલો અને લખેલા કાગળમાં તેની સહી લીધેલી અને તેની હાજરીમાં કોઈ ઈસમે કોઈ ચીજવસ્તુ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીકયશુન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીકયુશન

તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે પંચનામાની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૧૩) <u>સાહેદ જયંતિભાઈ રવજીભાઈ વાઘેલાની આંક–૪૩ની જુબાની</u>

આ કામે આંક–૪૩ થી સાહેદ જયંતિભાઈ રવજીભાઈ વાઘેલાને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ મહેમદાવાદ પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને ત્યા પોલીસે છોકરાએ બાપને મારી નાખેલો છે તેમ જણાવી તેની સહી કરાવેલી તેમજ તેણે સહી કરેલી ત્યારે કોઈ ઈસમ હાજર હોય અને કોઈ ચીજ વસ્તુ રજુ કરેલી હોઈ તેવુ બનેલ નથી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, પંચનામામાં સહી કરેલી ત્યારે કોઈ ઈસમ હાજર નહી હોવાના કારણે તે ઈસમને આજરોજ કોર્ટમાં હાજર છે કે કેમ તે તેઓ જણાવી શકે નહી. આ સાહેદને પેન્ટ અને શર્ટ બતાવવામાં આવેલ છે જે બાબતે તેઓ કશુ  જાણતા નથી તેવુ તેણે જણાવેલ છે. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીકયશુન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીકયુશન

તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે પંચનામાની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૧૪) <u>સાહેદ સલીમમીયા કાલુમીયા મલેકની આંક-૪૭ ની જુબાની</u>

આ કામે આંક-૪૭ થી સાહેદ સલીમમીયા કાલુમીયા મલેકને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને લખેલા કાગળમાં સહી કરાવેલી અને તે કાગળ તેણે વાંચેલો નહી અને ત્યા કોઈ ઈસમ હાજર હોય અને તેણે કોઈ ચીજ વસ્તુ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી અને તેણે કોઈ ઈસમને જોયેલ નહી હોવાથી કોર્ટમાં પણ ઓળખી શકે નહી. આ સાહેદને પેન્ટ - શર્ટ બતાવવામાં આવેલ છે પરંતુ તે સંબંધમાં તેમને કશી જાણકારી નથી તેવુ જણાવેલ છે. આમ, આ સાહેદે આ પ્રકારની જુબાની આપેલ હોતા પ્રોસીકયશુન તરફથી આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવેલ છે અને પ્રોસીકયુશન તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે આ કામના આંક-૪૬ ના પંચનામાની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮.૧૫) <u>પોલીસ સાહેદ ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલ ની આંક-૫૨ની જુબાની</u>

આ કામે આંક–પર થી પોલીસ સાહેદ ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન મરણજનારની ટેલીફોન વર્ધી મુજબ તેઓ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ગયેલા અને મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ તૈયાર કરેલુ અને તે પછી મરણજનારની પત્ની કોકીલાબેન મણીભાઈ ભોઈનાએ તેના રુબરુ આ કામની ફરીયાદ લખાવેલી અને તે પછી મહેમદાવાદ પો.સ્ટે.ના પી.આઈ. એન.ડી.નકુમને આ કામની ફરીયાદ તથા ઈન્કવેસ્ટ પંચનામું આગળની કાર્યવાહી માટે સોપલા.

(૮.૧૬) <u>તપાસ કરનાર અમલદાર નરેન્દ્રભાઈ ધનજીભાઈ નકુમ ની આંક– પ૪ ની જુબાની</u>

આ કામે આંક–પ૪ થી તપાસ કરનાર અમલદાર પી.આઈ. એન.ડી.નકુમને કોર્ટ રુબરુ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ ૨૦૨૨ માં મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આ કામની તપાસ તેઓને મળતા

તેઓએ સંભાળેલી અને તે પછી તેમણે એફ.એસ.એલ. અધિકારીની રુબરુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ. આ ઉપરાંત બનાવવાળી જગ્યાએથી લોહી, ધોકો અને લોહીવાળો કંતાનનો કોથળો પણ કબજે કરેલા. આ ઉપરાંત મરણજનારે પહેરેલ કપડા તથા આરોપીની શરીર સ્થિતિનું તેમજ આરોપીએ પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામા કરેલા. આ ઉપરાંત બનાવવાળી જગ્યાનો નકશો સર્કલ ઓફીસર પાસે બનાવડાવેલ અને કામમાં સામેલ રાખેલ. આ ઉપરાંત આ કામે મેડીકલ સર્ટી. મેળવેલ અને આ ઉપરાંત લાશનું પોસ્ટ મોર્ટમ કરાવડાવેલ અને તેનું પ્રમાણપત્ર મેળવેલુ. આ ઉપરાંત કબજે કરેલ મુદામલા એફ.એસ.એલ.માં મોકલેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ અને તપાસ કરનાર અમલદાર કોર્ટ રુબરુ આરોપીને તથા કબજે કરેલ મુદામાલને ઓળખી બતાવે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, બનાવના દિવસે તેઓ મહેમદાવાદ પોલીસ સ્ટેશનના મુખ્ય અધિકારી હતા. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે એ વાત ખરી છે કે, આ કામની

ફરીયાદમાં આરોપી ત્રણ વર્ષથી માનસિક અસ્વસ્થ હોવાનું જાણવા મળેલ અને તેઓએ આરોપીની ધરપકડ થયા બાદ તેઓની માનસિક સ્થિતિની તપાસ કરાવડાવેલી. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, મહેમદાવાદ સરકારી દવાખાનામાંથી ડોકટરશ્રીએ તેમના પોલીસ સ્ટેશનમાં મરણજનાર મણીભાઈ ઈજા પામેલ હાલતમાં લાવવામાં આવેલા છે તે સંબંધે કોઈ ટેલીફોન વર્ધી લખાવેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, નડીઆદ સીવીલ હોસ્પિટલ અને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં પોલીસ ચોકીની વ્યવસ્થા થયેલી છે અને ત્યા પોલીસ સ્ટાફ હાજર હોય છે. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, એ વાત ખરી છે કે, તા. ૦૨/૦૭/૨૦૨૨ થી તા. ૦૬/૦૭/૨૦૨૨ ના સમયગાળા દરમ્યાન નડીઆદ સીવીલ હોસ્પિટલ કે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ગુજરનાર સારવાર હેઠળ હોય તે દરમ્યાન નડીઆદ સીવીલ હોસ્પિટલ અને અમદાવાદ સીવીલ હોસ્પિટલ પોલીસ ચોકીમાં આ બનાવના અનુસંધાને કોઈ ફરીયાદ નોંધાયેલી નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ મોડી આવ્યા સંબંધે કોઈ ખુલાસો તેમના રુબરુ

થયેલ ન હતો. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશનની બહાર કોઈ ફરીયાદ નોંધવામાં આવે ત્યારે જે સ્થળે ફરીયાદ નોંધાયેલ હોય તે સ્થળનું નામ 'કેમ્પ એટ' તેમ લખી સ્થળ લખવામાં આવે છે. વધુમાં તપાસ કરનાર અમલદાર જણાવે છે કે, એ વાત ખરી છે કે,આંક–૧૩ વાળી ફરીયાદમાં કેમ્પ એટ સીવીલ હોસ્પિટલ એવું લખવામાં આવેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, જયારે ફરીયાદી અભણ હોય ત્યારે તેનો અંગુઠો લેતા પહેલા ફરીયાદ વાંચી સંભળાવવામાં આવે છે અને આંક–૧૩ ની ફરીયાદ ફરીયાદીને વાંચી સંભળાવવામાં આવેલી હોય તેવો કોઈ શેરો નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર એવું પણ જણાવે છે કે, મહેમદાવાદ પોલીસ સ્ટેશન ધ્વારા મોકલવામાં આવેલ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૫૪ મુજબના ફોર્મમાં નોંધાયેલી એફ.આઈ.આર. જોઈને જણાવે છે કે, કોલમ નં. ૪ માં ' પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ' તેવો ઉલ્લેખ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર એવુ પણ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તપાસના કામે ફરીયાદીનું વિશેષ નિવેદન નોંધેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર એવુ પણ

જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન આ કેસ સંબંધે કોઈ આઈ વિટનેસ મળી આવેલ ન હતા. એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદવાળા બનાવ સંબંધમાં તુરત જ બનાવવાળી જગ્યાનું પંચનામું થયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર એવુ જણાવે છે કે, આ કામે ગુજરનારને નડીઆદ સીવીલ હોસ્પિટલમાંથી અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા ત્યારથી તેમનું અવશાન થયેલ તે સમયગાળાના મરણજનારના સારવારના કાગળો તપાસના કામે તેમણે સામેલ રાખેલ નથી.

(૯) **<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

આ કામે બનાવની ટુંક હકીકત એવી છે કે, તા.૦૨/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે મોજે મહેમદાવાદ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મકાન નં. ૧૮૦ ના રસોડામાં આરોપીએ મરણજનાર પોતાના પિતા પાસે બીડીઓ લાવવા માટે પૈસા માંગતા મરણજનારે પૈસા નહી આપતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ મરણજનારને ધકકો મારી નીચે પાડી દઈ માથાના ભાગે લાકડાનું ધોકરણુ મારી ગંભીર ઈજાઓ પહોચાડી મોત

નિપજાવેલ તેમ કરી ઈ.પી.કોડ કલમ–૩૦૨ મુજબનો ગુનો કરેલ છે અને તે મતલબનું ચાર્જશીટ પોલીસે કરેલ અને તે સંબંધમાં આ કામના આરોપી વિરુધ્ધ તહોમતનામુ પણ ફરમાવેલ હતુ.

આ કામે રજુ ફરીયાદણની આંક–૧૩ની ફરીયાદ જોતા તેમાં તેણીએ જણાવેલ છે કે, તેણીના દિકરા વિષ્ણુએ સવારના સાતેક વાગ્યે તેણીના પતિ પાસેથી બીડી લાવવા માટે પૈસા માંગેલા જે પૈસા ફરીયાદણના પતિએ નહી આપતા વિષ્ણુએ કપડા કાઢી નાખેલા અને તેણીના પતિને નીચે પાડી દીઘેલા અને માથામાં ધોકાનો (ધોકરણુ) ઘા મારી દીઘેલો તેવી હકીકત જણાવવામાં આવેલ છે. આમ, ફરીયાદણે ફરીયાદમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ વખતે તેણી બનાવ બન્યો તે સ્થળે આરોપી સમક્ષ હાજર હતી અને તેણીના દેખતા આરોપીએ તેણીના પતિને માથામાં ધોકાનો ઘા મારેલો. વધુમાં ફરીયાદણ ની આંક–૧૨ ની જુબાની જોતા તેણીએ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેણીના પતિને ઈજા થયેલી ત્યારે તેણી કપડા ધોતી હતી અને તેણીનું ધ્યાન કપડા ધોવામાં હતુ. આ કામે પ્રોસીકયુશનના કેસ મુજબ બનાવ

રસોડામાં બનેલ છે અને આ કામે આંક–૨૪ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ છે તે જોતા તેમાં રસોડાની અંદર કયાંય કપડા ધોવા માટે કોઈ ચોકડી આવેલ હોય તેવુ જણાવવામાં આવેલ નથી. આ ઉપરાંત આ કામે આંક–૧૯ થી સર્કલ ઓફીસરશ્રી દ્વારા બનાવવાળી જગ્યાનો નકશો રજુ કરવામાં આવેલ છે તે જોતા રસોડાની અંદર જયાં ગુનાવાળી જગ્યા આવેલ છે તેની આસપાસ કપડા ધોવાની કોઈ ચોકડી કે બાથરૂમ કે જેમાં કપડા ધોઈ શકાય તે આવેલ હોવાનું જણાતુ નથી. વધુમાં ફરીયાદણના જણાવ્યા મુજબ તેણી બનાવ વખતે કપડા ધોતી હતી અને તેણીનું ધ્યાન તે વખતે કપડા ધોવામાં હતુ. આંક–૧૯ નો બનાવવાળી જગ્યાનો નકશો જોતા ફરીયાદણના ઘરમાં બાથરૂમ-ટોયલેટ ઘરની બહાર આવેલ ખુલ્લી જગ્યામાં આવેલ છે અને સામાન્ય રીતે કોઈપણ ઘરમાં મહીલાઓ કપડા ધોવાની ક્રિયા ચોકડીમાં કે બાથરૂમમાં કરતી હોય છે. આ કામે અગાઉ કહ્યુ તેમ રસોડામાં કપડા ધોવાની કોઈ ચોકડી કે જગ્યા નથી. પ્રોસીકયુશનના કેસમાં પણ બનાવ વખતે ફરીયાદણ રસોડામાં કપડા ધોતી હતી તેવી કોઈ હકીકત નથી. તે વખતે ફરીયાદણ કે જેને પ્રોસીકયુશન તરફથી આ કામે નજરે જોનાર સાહેદ તરીકે દર્શાવેલ છે તે જો

બનાવ વખતે કપડા ધોતી હોય તો તેણી ઘરમાં આવેલ કપડા ધોવાની ચોકડીમાં અથવા તો બાથરૂમમાં કપડા ધોતી હતી તેવુ અત્રે કહી શકાય તેમ છે. આંક–૧૯ વાળો ગુનાવાળી જગ્યાનો નકશો તથા આંક–૨૪નું ગુનાવાળી જગ્યાનું પંચનામું જોતા બનાવવાળા ઘરમાં કપડા ધોવાની કોઈ ચોકડી આવેલ હોવાનું જણાતુ નથી તેમજ રસોડામાં કપડા ધોવાની જગ્યા આવેલ હોવાનું ફરીયાદણે ફરીયાદમાં કયાંય જણાવેલ નથી અને બનાવ વખતે ફરીયાદણ રસોડામાં કપડા ધોતી હતી તેવુ પણ ફરીયાદણે પોતાની ફરીયાદમાં કે જુબાનીમાં કયાય જણાવેલ નથી અને તેથી ફરીયાદણ બનાવ વખતે ઘરમાં રસોડાની બહાર આવેલ બાથરૂમમાં કપડા ધોતી હતી તેવુ અનુમાન કરવુ વ્યાજબી જણાય છે. જો ફરીયાદણ બનાવ વખતે ઘરના બાથરૂમમાં કપડા ધોતી હતી અને તેણીનું ધ્યાન કપડા ધોવામાં હતુ તો તે વખતે આ કામનો બનાવ રસોડામાં બનેલ છે અને તેથી આ કામના આરોપીએ ધોકો ફરીયાદણના પતિને મારેલ હતો તેવુ તેણીએ નજરે જોયેલ હતુ તેવુ અત્રે કહી શકાય તેમ નથી. વધુમાં આંક–૧૯ નો બનાવવાળી જગ્યાનો નકશો જોતા જો ફરીયાદણ બનાવ વખતે બાથરૂમમાં કપડા ધોતી હોય તો

તે વખતે તેણીએ બાથરૂમમાંથી નીકળી સાત થી આઠ ફુટ જેટલુ અંતર ચાલી રસોડાના બારણા સુધી પહોચવુ પડે અને તે પછી રસોડાની અંદર બારણામાંથી જઈ અને જોઈ શકે તેવી ફરીયાદણના ઘરની રચના છે. આમ, જો ફરીયાદણ બનાવ વખતે કપડા ધોતી હોય અને તેણીનું ઘ્યાન કપડા ધોવામાં હોય અને તેણી કપડા બાથરૂમમાં ધોતી હોય તો તે વખતે તેણીએ આ કામનો બનાવ બનતા નજરે જોયેલ હોય તેવુ ફરીયાદણે આપેલી જુબાની ઉપરથી કહી શકાય તેમ નથી. તપાસ કરનાર અમલદારે પણ તેની જુબાનીમાં જણાવેલ છે કે આ કામે નજરે જોનાર સાહેદ નથી. વધુમાં આંક-૧૩ વાળી ફરીયાદ જોતા તેમાં એવું જણાવવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદણના પતિ પાસેથી બીડી લેવા માટે પૈસા માંગેલા પરંતુ ફરીયાદણના પતિએ પૈસા આપવાનો ઈન્કાર કરતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ તેને ધકકો મારેલો અને માથામાં લાકડાનો ધોકો મારી દીધેલો પરંતુ ફરીયાદણની આંક-૧૨ ની જુબાની જોતા તેણીએ એવી હકીકત જણાવેલ છે કે, તેણીના દિકરા વિષ્ણુએ એટલે કે આ કામના આરોપીએ ગુજરનાર પાસેથી બીડી લાવવા માટે પૈસા માંગેલા તે વખતે મરણજનારે પચ્ચાસ રૂપિયા આપેલા

અને એવુ પણ જણાવેલુ કે પચ્ચીસ રૂપિયાની બીડી લાવજે અને બાકીના પચ્ચીસ રૂપિયાની વિમલ લાવજે અને તેવી કોઈ હકીકત ફરીયાદણે તેમની આંક–૧૩ ની ફરીયાદમાં જણાવેલ નથી અને આવી હકીકત તેણીએ વધારીને પોતાની જુબાનીમાં જણાવ્યાનું જણાઈ આવે છે. ફરીયાદણે પોતાની જુબાનીમાં એવુ કયાંય જણાવેલ નથી કે, આરોપીએ મરણજનાર પાસેથી બીડી લઈ આવવા માટે પૈસા માંગેલા જેથી મરણજનારે ઈન્કાર કરતા આરોપીએ મરણજનાર ઉપર લાકડાના ધોકાથી હુમલો કરેલો. પ્રોસીકયુશનના કેસ મુજબ ગુજરનારે બીડીના પૈસાનો ઈન્કાર કરેલો તેથી આરોપી ઉશ્કેરાઈ ગયેલો તેવી હકીકત છે. વધુમાં જયારે નજીકનું સગુ જયારે માંગણી મુજબ વર્તન ન કરે ત્યારે કોઈ વ્યકિત ઉશ્કેરાઈ જાય તે સમજી શકાય તેવી બાબત છે પરંતુ નજીકનું સ્વજન માંગણી મુજબનું વર્તન કરે અને તેમ છતા કોઈ વ્યકિત ઉશ્કેરાઈ જાય તે અસ્વાભાવિક છે. આમ, આ કામે ફરીયાદણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવી દીધેલ છે કે, આરોપીની માંગણી મુજબ બીડી લાવવા માટે મરણજનારે પચ્ચાસ રૂપિયા આરોપીને આપેલા. આમ, આરોપીને આ વખતે ઉશ્કેરાઈ

જવાનું કોઈ કારણ હોય તેવુ ફરીયાદણ જણાવતી નથી અને તેથી પૈસા નહી આપતા આરોપી ગુજરનાર ઉપર ઉશ્કેરાઈ ગયેલો અને હુમલો કરેલો તેવી આંક–૧૩ ની ફરીયાદ હકીકતને ફરીયાદણની આંક–૧૨ ની સોગંદ ઉપરની જુબાનીથી કોઈ જ સમર્થન પ્રાપ્ત થયાનું કહી શકાય તેમ નથી. આમ, આરોપીએ ભોગ બનનાર ઉપર હુમલો કરવા માટે કોઈ કારણ હતુ નહી તેવુ પણ ફરીયાદણની જુબાનીમાંના કારણો ઉપરથી કહી શકાય તેમ છે. અત્રે નોંધવુ જરૂરી છે કે, ફરીયાદણે પોતાની ફરીયાદમાં આરોપીએ ગુજરનારને માથામાં લાકડાનું ધોકરણુ મારી દીધેલ તેવી હકીકત જણાવેલ છે. ફરીયાદણની આંક–૧૨ ની જુબાનીમાં પણ ગુજરનારને આરોપીએ લાકડાનો ધોકો માથાના ભાગે મારેલો એવી હકીકત આવે છે. આંક–૧૩ ની ફરીયાદણની ફરીયાદ અને આંક–૧૨ ની ફરીયાદણની સોગંદ ઉપરની જુબાની જોતા તેમાં આરોપીએ ભોગ બનનારને ધોકાના ઉપરા છાપરી ત્રણ ઘા કરી દીધેલ હોય તેવી કોઈ હકીકત આવતી હોવાનું જણાતુ નથી. આ કામે આંક–૩૦ થી તપાસવામાં આવેલ ડો. નિર્મલા રામ મટાઈએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, ધોકાના એક

ઘાથી મરણજનારને માથાના ભાગે જે ઈજાઓ થયેલ છે તેવી ઈજા થઈ શકે નહી. આ ડોકટરશ્રીની જુબાનીમાં ગુજરનારને માથામાં જમણી બાજુએ, માથાની પાછળની બાજુએ અને જમણી આંખની બાજુમાં સોજો હતો અને આંખ ઉપરની ઈજાઓ હતી તેવુ જણાવેલ છે. આમ, ભોગ બનનારને મોઢા અને માથા ઉપર કુલ ત્રણ ઈજાઓ હતી તેવું ડોકટરશ્રીએ જણાવેલ છે. આ કામે આંક–૫૦ થી રજુ પી.એમ. નોટ જોતા તેમાં પણ માથાના ભાગે મરણજનારને ત્રણ થી વધુ ઈજાઓ દર્શાવેલી છે. આમ, મરણજનારને જો આ કામના આરોપીએ એક ધોકાનો ઘા માથામાં મારેલ હોય તો તે વખતે તેને મોઢા અને માથાના ભાગે ધોકાની ત્રણ કે તેથી વધુ ઈજાઓ સંભવી શકે નહી અને તેથી આ કામના આરોપીએ મરણજનારને માથામાં ધોકો મારેલો તેવુ ફરીયાદણે નજરે જોયેલ છે તેવી હકીકત અત્રે નહી માનવાને કારણ છે. વધુમાં આ કામે આંક–૧૩ વાળી ફરીયાદ જોતા તેમાં ફરીયાદણે એવુ જણાવેલ છે કે, આ કામનો બનાવ બનતા નજીકમાં રહેતા મિથુનભાઈ બરફવાળો અને તેના છોકરાઓ બનાવવાળી જગ્યાએ આવી ગયેલા અને તેણીના પતિને રીક્ષામાં મહેમદાવાદ સરકારી

દવાખાને સારવાર માટે લઈ ગયેલા પરંતુ ફરીયાદણની આંક–૧૨ ની જુબાની જોતા તેમાં મિથુનભાઈ બરફવાળાનું નામ જુબાનીમાં જણાવેલ નથી. આ ઉપરાંત આંક–૧૩ ની ફરીયાદમાં બનાવ વખતે ફરીયાદણે બુમાબુમ કરેલી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. પરંતુ આંક–૧૨ ની ફરીયાદણની જુબાનીમાં બનાવ વખતે તેણીએ બુમાબુમ કરેલી તેવી હકીકત વધારીને લખાવ્યાનું જણાય છે. આમ, ફરીયાદણની સમગ્ર જુબાની જોતા તેમાં જણાવેલી હકીકતો આંક–૧૩ ની ફરીયાદમાં જણાવેલી હકીકતોથી ભિન્ન પ્રકારની હકીકતો છે અને સામ્ય નહી ધરાવતી અને ગંભીર શંકા ઉપજાવતી હોવાનું જણાઈ આવે છે. આ હકીકતની સાથેસાથે આંક–૧૩ ની ફરીયાદ જોતા તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદ નોંધવામાં આવેલી છે અને હકીકત મુજબ બનાવ બાદ મરણજનારને સૌપ્રથમ મહેમદાવાદ સરકારી હોસ્પિટલમાં, ત્યાં થી વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પિટલમાં અને ત્યારબાદ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા છે પરંતુ તેમ છતા ફરીયાદણે તા. ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ બનેલ બનાવની ફરીયાદ છેક તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ પાંચ દિવસ પછી નોંધાવેલી છે. આમ, આ કામની

ફરીયાદ પાંચ દિવસ મોડી નોંધાયેલી હોવાનું જણાઈ આવે છે. આ કામે ફરીયાદમાં જે જણાવવામાં આવેલ છે કે, મરણજનારને અલગ અલગ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા છે પરંતુ તેમ છતા હોસ્પિટલ તરફથી કોઈ પોલીસને જાણ કરવામાં આવેલ નથી તેમજ અગાઉ કહ્યુ તેમ ફરીયાદણે પણ પોલીસમાં કોઈ ફરીયાદ કરેલાનું જણાતુ નથી. ઉલટાનું ફરીયાદણે પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે જણાવી દીધેલ છે કે, એ વાત ખરી છે કે, તેણી મહેમદાવાદ પોલીસમાં ગયેલ હોય તેવુ બનેલ નથી અને તેણીએ તરત જ પોલીસ ફરીયાદ આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ કામે બનાવની ફરીયાદ પાંચ દિવસ પછી વિલંબથી નોંધવામાં આવેલ છે અને તે અંગેનો કોઈ જ ખુલાસો આ કામે કરવામાં આવેલો હોવાનું જણાતુ નથી. ***કિશનસિંઘ(તેના વારસો મારફત) વિ. ગુરપાલસિંઘ –એ.આઈ.આર 2010 (સુ.કો) પાના નં. ૩૬૨૪*** માં ઠરાવવામાં આવેલ છે કે જયારે ફરીયાદ કોઈપણ કારણ કે ખુલાસા વગર મોડી નોધાવવામાં આવેલ હોય તે વખતે આવી ફરીયાદ ગંભીર શંકાના દાયરામાં આવી જાય છે અને તેવી ફરીયાદ ઉપર આધાર રાખી શકાય નહી. આમ, ફરીયાદણે આ પ્રકારની

જુબાની આપેલ છે તેમાં ફરીયાદ પાંચ દિવસના વિલંબ બાદ નોંધવામાં આવેલ છે અને તે સંબંધમાં કોઈ ખુલાસો આ કામે કરવામાં આવેલ ન હોતા ફરીયાદણની જુબાની અત્રે શંકાના દાયરામાં આવી જતી હોવાનું જણાઈ રહેલ છે.

પ્રોસીકયુશનના કેસ મુજબ આંક-૧૪ ના સાહેદ સચિનભાઈ સેલકે ગુજરનાર અને આરોપીના પાડોશી છે અને પ્રોસીકયુશનના કેસ મુજબ મરણજનારના ઘરમાં ફરીયાદણે બુમાબુમ કરેલી તેથી આ સાહેદે બુમાબુમ સાંભળી ફરીયાદણના ઘરમાં ગયેલા. પરંતુ આ કામની આંક-૧૩ ની ફરીયાદ જોતા તેમાં ફરીયાદણે પોતાની ફરીયાદમાં એવુ કયાંય જણાવેલ નથી કે આ સાહેદ બનાવ વખતે બુમાબુમ થવાને કારણે તેમના ઘરે આવેલા. ઉલટાનું ફરીયાદણે પોતાની ફરીયાદમાં એવુ જણાવેલ છે કે, તેમના ઘર પાસે રહેતા મિથુનભાઈ બરફવાળા અને તેના છોકરાઓ તેના ઘરે આવેલા અને મરણજનારને હોસ્પિટલમાં લઈ ગયેલા અને આનાથી વિપરીત ફરીયાદણની પોતાની આંક-૧૨ ની જુબાનીમાં માત્ર પોતાના પાડોશીઓ આવેલા અને મરણજનારને રીક્ષામાં હોસ્પિટલમાં લઈ ગયેલા તેવી હકીકત જણાવેલ છે. ફરીયાદણે

સોગંદ ઉપરની જુબાનીમાં એવુ કયાંય જણાવેલ નથી કે, હાલના સાહેદ કે મિથુનભાઈ બરફવાળા મરણજનારને હોસ્પિટલમાં લઈ ગયેલા. આમ, ફરીયાદણ ખુદ પોતાની ફરીયાદમાં અને જુબાનીમાં આ સાહેદ બનાવ પછી તેમના ઘરમાં આવેલા હોય તેવુ કયાય સ્પષ્ટ જણાવતા નથી. ઉલટાનું કોઈ મિથુનભાઈ બરફવાળાનું નામ બનાવ પછી પોતાના ઘરે આવનાર તરીકે જણાવે છે. ફરીયાદણ ફરીયાદમાં બનાવ વખતે આરોપી નિર્વસ્ત્ર થઈ ગયેલા તેવુ જણાવેલ છે પરંતુ આ સાહેદ આરોપી નિર્વસ્ત્ર હતો તેવુ કયાય જણાવતા નથી. આમ પણ હાલના સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેવુ તેણે પોતાની જુબાનીમાં જણાવેલ છે. આરોપીના હાથમાં ધોકો હોવા માત્રથી તે ધોકો તેણે મરણજનારને માથામાં મારેલ છે તેવુ માની શકાય નહી અને ખાસ કરીને જયારે ફરીયાદણે ખુદ બનાવ નજરે જોયેલ હોવાનું જણાયેલ નથી તે વખતે આ કામના મુદામાલ ધોકાના ઘા મારવાને કારણે બનાવ બનેલ હતો કે કેમ તે જ હકીકત શંકાના દાયરામાં આવી જાય છે અને તેથી આ સાહેદ કે જેઓ એવુ જણાવતા હોય કે તેઓ મરણજનારના ઘરે ગયેલા ત્યારે આરોપીના હાથમાં મુદામાલવાળો ધોકો હતો તેટલા

માત્રથી આરોપીએ મરણજનારને ધોકો મારેલો હતો તેવુ માની શકાય તેમ નથી અને તેથી ઉપરોકત આંક– ૧૪ વાળા સાહેદથી પ્રોસીકયુશનના હાલના કેસને કોઈ પરીણામલક્ષી સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય તેમ નથી.

આંક–૧૭ના સાહેદ નયનાકુમારી મોહનસીંહજીની જુબાની જોતા પ્રોસીકયુશનના કેસ મુજબ તેણીએ બનાવ બાદ બનાવવાળા સ્થળને મુલાકાત લીધેલી અને સ્થળ પરીક્ષણ અહેવાલ બનાવેલો. પરંતુ આ સાહેદની જુબાની ઉપરથી તેણીએ બનાવવાળી જગ્યાનું પરીક્ષણ તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ એટલે કે બનાવ બાદ પાંચ દિવસ પછી કરેલ છે અને આ સાહેદે સ્પષ્ટપણે જણાવી દીધેલ છે કે, એ વાત ખરી છે કે, તેણીની તપાસ દરમ્યાન બનાવના સ્થળે માનવ લોહી હોય તેવો કોઈ પુરાવો આવેલ ન હતો. આમ, જે લાલ ડાઘા બનાવના સ્થળે હતા તે આ સાહેદના જણાવ્યા મુજબ માનવ લોહીના ડાઘ ન હતા અને તેવો કોઈ પુરાવો આવેલ નથી. આમ, આ સાહેદની જુબાની જોતા તેનાથી પ્રોસીકયુશનના કેસને કોઈ અસરકારક સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય તેમ નથી.

આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદની જુબાની જોતા પ્રોસીકયુશનના કેસ મુજબ તેઓએ બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ છે. પરંતુ આ નકશો કઈ તારીખે બનાવેલ છે તે તારીખ આ નકશામાં નહી હોવાનું આ સાહેદે જણાવેલ છે. આ ઉપરાંત બનાવવાળી જગ્યાની બાજુમાં કપડા ધોવાની કોઈ જગ્યા નથી તેવુ પણ આ સાહેદે જણાવેલ છે. અગાઉ કહ્યુ તેમ ફરીયાદણની ઉલટતપાસમાં એવી હકીકત ખુલેલ છે કે બનાવ વખતે ફરીયાદણ કપડા ધોતી હતી અને અત્રે એવુ અવલોકન કરેલ છે કે, બનાવવાળી જગ્યાની આસપાસ જો કપડા ધોવાની ચોકડી ન હોય અને ઘરમાં કયાંય કપડા ધોવાની ચોકડી ના હોય તે વખતે ઘરના બાથરૂમમાં કપડા ધોતી હોવાનું કહી શકાય. આ સાહેદે કરેલ અવલોકન મુજબ બનાવવાળી જગ્યા એટલે કે રસોડામાં કપડા ધોવાની કોઈ વ્યવસ્થા નહી હોવાનું આ સાહેદે જણાવેલ છે અને તેથી આ સાહેદની જુબાની અને તેણે બનાવેલ નકશાના આધારે પ્રોસીકયુશનના કેસને કોઈ અર્થસભર સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય તેમ નથી.

આંક–૧૫ થી તપાસવામાં આવેલ સાહેદ ડો. મેઘાની જુબાની જોતા આ કામના મરણજનાર ઈજા પામેલ પરીસ્થિતિમાં હતા ત્યારે આ ડોકટરશ્રી સમક્ષ લઈ જવામાં આવેલા અને તે વખતે દર્દી મણીભાઈ સંપુર્ણ બેભાન અવસ્થામાં હોય તે સંબંધે આંક–૧૬ ના સર્ટી.માં કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં સરતપાસમાં આ સાહેદે દર્દી ભાનમાં ન હતા તેવુ જણાવી દીધેલ છે. સામાન્ય રીતે કોઈ ઈજા પામનારને ડોકટર સમક્ષ લાવવામાં આવે ત્યારે જો તે ઈજા પામનાર અર્ધબેભાન હોય કે ભાનમાં હોય તે વખતે તે દર્દીને જે ઈજા થયેલ છે તે કેવી રીતે થયેલ છે અને કોણે કરેલ છે તે ડોકટરશ્રી દર્દીને પુછતા હોય છે અને ખાસ કરીને એમ.એલ.સી. કેસમાં એવી જાણકારી ક્રિમીનલ પ્રોસીડીંગ્સમાં પુરાવા તરીકે ઉપયોગ થવાપાત્ર હોય છે. પરંતુ આ કામે આ ડોકટરની જુબાની જોતા આંક–૧૬ વાળું સર્ટી.તેણીએ આપ્યુ તેમાં દર્દી સંપુર્ણ બેભાન હોવા સંબંધે સ્પષ્ટ લખેલ નથી. આ ડોકટરશ્રીએ દર્દી પાસેથી બનાવની કોઈ હીસ્ટ્રી જાણવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ પણ ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં જણાવેલ નથી. ઉલટાનું દર્દી સાથે આવેલ કોઈ મનુભાઈ પાડોશીએ ઈજા કોણે

કરેલી તે ડોકટરશ્રીને જણાવ્યાનુ જણાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફરીયાદમાં ફરીયાદણે બનાવ વખતે કોઈ મિથુન બરફવાળા આવી ગયેલા અને તે તથા તેમના છોકરાઓ દર્દીને હોસ્પિટલમાં લઈ ગયેલા તેવુ જણાવવામાં આવેલ છે. ફરીયાદણે તેમની જુબાનીમાં પાડોશીઓ મરણ જનારને હોસ્પિટલે લઈ ગયેલા તેવુ જણાવેલ છે. જયારે ફરીયાદપક્ષના આંક–૧૪ વાળા સાહેદ સચિનભાઈ પોતાની જુબાનીમાં એવુ જણાવે છે કે, તેઓ મરણજનારને હોસ્પિટલમાં લઈ ગયેલા. આમ, ખરેખર મરણજનારને હોસ્પિટલમાં કોણ લઈ ગયેલુ તે સંબંધમાં અલગ અલગ સાહેદોએ અલગ અલગ વ્યકિતઓના નામ જણાવેલ છે. ખુદ ફરીયાદણે પોતાની ફરીયાદ કે જુબાનીમાં કયાંય જણાવેલ નથી કે બનાવ વખતે તેમના પાડોશી મનુભાઈ તેમના ઘરે આવી ગયેલા અથવા તો મનુભાઈ રાવળ મરણજનારને હોસ્પિટલે લઈ ગયેલા. વધુમાં આ કામે મનુભાઈ રાવળને પ્રોસીકયુશન તરફે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને તેથી ડોકટર સમક્ષ જો કોઈ મનુભાઈ રાવળ નામની વ્યકિતએ એવુ જણાવેલ હોય કે આ કામના આરોપીએ મરણજનારને ઈજા

પહોચાડેલ છે  તો તેવી હકીકત ડોકટરશ્રીનો માત્ર સાંભળેલો પુરાવો છે અને મનુભાઈ રાવળને સાહેદ તરીકે આ કામે તપાસવામાં આવેલ નથી તેથી આવી  હકીકતના આધારે આ કામનો બનાવ બનેલ હતો તેવુ માની શકાય નહી. જો કે આ ડોકટરશ્રીની જુબાની દર્દીને થયેલી ઈજાઓ પુરતી સ્વીકાર્ય હોઈ શકે. ડોકટરશ્રીએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવી દીધેલ છે કે, ભોગ બનનારને માથા ઉપર જે ઈજાઓ હતી તે એક જ ફટકાથી થઈ શકે તેવી ન હતી. અત્રે નોંધનીય છે કે, ફરીયાદણે પોતાની ફરીયાદ અને જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તેના આધારે ભોગ બનનારને લાકડાનો એક જ ફટકો મારવામાં આવેલ છે તેવી હકીકત આવેલ છે અને તેથી એક જ લાકડાના ફટકામાં ભોગ બનનારને ત્રણ જેટલી ઈજાઓ થઈ શકે નહી અને ફરીયાદણે બનાવ નજરે જોયેલ છે અને આરોપી મરણ જનારનું મૃત્યુ નિપજાવેલ છે તે બાબતમાં ઉત્પન્ન થયેલી શંકા પણ સુદ્રઢ બનેલ છે તેવુ કહી શકાય તેમ છે. આમ, ઉપરોકત ડોકટરશ્રીની જુબાનીથી પ્રોસીકયુશનના કેસને સંપુર્ણ અને પરીણામલક્ષી સમર્થન પ્રાપ્ત  થતુ હોવાનું કહી શકાય નહી. આમ, આંક–૩૦ વાળા ડોકટર સાહેદ નિર્મલા રામ

મટાઈ ની જુબાની જોતા તેણી નડીઆદ સીવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતી ત્યારે આ કામના ભોગ બનનારને તેની સમક્ષ લાવવામાં આવેલા. આ ડોકટરશ્રીએ એવુ જણાવેલ છે કે, ભોગ બનનાર અર્ધબેભાન અવસ્થામાં હતા. આ ડોકટરશ્રીએ દર્દી પાસેથી પ્રશ્નો પુછી ઈજા કેવી રીતે અને કોણે કરેલી તેવુ પુછવાનો પ્રયત્ન કરેલ હોવાનું તેમણે જુબાનીમાં જણાવેલ નથી. આ ડોકટરશ્રીને પણ પાડોશી મનુભાઈ રાવળનાઓએ બનાવની હીસ્ટ્રી આપેલ છે જેમાં દર્દીના દિકરા વિષ્ણુએ ધોકા વડે મારેલ છે તેવુ જણાવવામાં આવેલ છે. આ ડોકટરશ્રીએ દર્દીને તપાસતા સીટી સ્કેન રીપોર્ટ પ્રમાણે દર્દીને માથામાં અને મોઢા ઉપર ઘણી બધી આંતરીક ઈજાઓ હોવાનું જણાવેલ છે અને ઉલટતપાસમાં એક જ ધોકાના ઘા થી આ બધી ઈજાઓ સંભવી શકે નહી તેવુ પણ જણાવી દીધેલ છે. આમ, આ ડોકટરશ્રીની જુબાની પણ આંક- ૧૫ ના સાહેદ ડો. મેઘા શાહની જુબાની જેવી જ જુબાની છે. વધુમાં આ ડોકટરશ્રીએ એવુ જણાવી દીધેલ છે કે, ભોગ બનનારને ઘણી બધી માથા અને મોઢાના ભાગે આંતરીક ઈજાઓ હતી

અને એક જ ધોકાનો ઘા મારવામાં આવેલ હતો તેવી હકીકત આ ડોકટર સાહેદની જુબાનીથી એકદમ વિરુધ્ધ હોવાનું જણાય છે અને તેથી આ ડોકટરશ્રીની જુબાનીથી પણ પ્રોસીકયુશનના કેસને પુરેપુરુ સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય તેમ નથી.

આમ, આ કામે મરણજનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરનાર ડો. નિસર્ગ કરશનભાઈ હુમલની આંક-૪૮ વાળી જુબાની જોતા તેણે આ કામે મરણજનારનું પોસ્ટ મોર્ટમ કરેલ છે અને માથામાં તેણે કુલ ત્રણ ટાંકા લીધેલ ઈજાઓ તથા એક ચકામાની ઈજા જોયેલ છે અને તે સંબંધમાં આ ડોકટરશ્રીએ જણાવેલ છે કે, પી.એમ. રીપોર્ટના કોલમ નં. ૧૭ માં દર્શાવેલી પાંચ ઈજાઓ એક જ ઘા થી સંભવી શકે નહી. આમ, આ ડોકટરશ્રીએ મરણજનારને માથામાં જે ઈજાઓ થયેલી તે ધોકાના એક ઘા થી થઈ શકે નહી તેવુ જણાવ્યાનું જણાય છે અને તેથી આ ડોકટરશ્રીની જુબાની પણ અન્ય ડોકટરશ્રીની જુબાની સાથે ધોકાના એક ઘાને સમર્થન આપતી નથી.

આમ, આંક- ૨૩ વાળા પંચ સાહેદ સમીરખાન મુસ્તુફાખાન પઠાણ કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે અને આ પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરેલ

છે તદઉપરાંત આ સાહેદને કોણે અને કઈ જગ્યા બતાવેલી તે આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ નથી, ફકત ઘોકો કબજે થયેલાનું જણાવે છે. પરંતુ આ ઘોકો બનાવવાળી જગ્યાએથી કબજે થયેલાનું આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ થયેલ ન હોતા આ સાહેદની જુબાનીથી આંક – ૨૪ ના પંચનામાની હકીકતોને તથા પ્રોશીકયુશનના કેસને જરાપણ સમર્થન આપેલ નથી.

આમ,પંચ સાહેદ અનિલભાઈ અશોકભાઈ જાડેજાની આંક–૨૯ વાળી જુબાની જોતા તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને તેમણે આંક–૨૪ ના પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેથી આ પંચ સાહેદની જુબાની પ્રોસીકયુશનના કેસને જરાપણ સમર્થન આપેલ નથી.

આંક–૩૫ વાળા પંચ સાહેદ મહીપતભાઈ કરશનભાઈ ઠાકોરની જુબાની જોતા તેના રુબરુ મરણજનાર મણીભાઈ સોમાભાઈ ભોઈની લાશનું પંચનામું કરવામાં આવેલુ તેટલુ જ તેણે જણાવેલ છે. લાશ ઉપર શું કપડા પહેરેલ હતા અને લાશ ઉપરની વ્યકિતને કયાં ઈજા થયેલી હતી તેવી કોઈ હકીકત આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ નથી

અને તેથી આ સાહેદની જુબાનીથી પ્રોસીકયુશનના કેસને કોઈ સમર્થન પ્રાપ્ત થયાનું કહી શકાય નહી.

આંક–૩૮ વાળા પંચ સાહેદ સાકીરમીયા કાસમમીયાની જુબાની જોતા તેઓ હોસ્ટાઈલ સાહેદ છે અને તમામ હકીકતોનો તેમણે ઈન્કાર કરેલ છે, આમ આંક–૪૧ વાળા પંચનામાની હકીકતોને જરાપણ સમર્થન આપેલ નથી.

આંક–૪૨થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દિનેશભાઈ છોટાભાઈની જુબાની જોતા તેઓ ફરી ગયેલા સાહેદ છે અને પંચનામાની હકીકતોનો તેણે ઈન્કાર કરેલ છે તેથી આ સાહેદની જુબાનીથી પ્રોસીકયુશનના કેસને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય તેમ નથી.

આમ, આંક–૪૩ થી તપાસેલ પંચ સાહેદ જયંતિભાઈ રવજીભાઈ વાઘેલાની જુબાની જોતા તે હોસ્ટાઈલ સાહેદ છે અને પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તે રીતે આ પંચ સાહેદે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી.

આમ, આંક–૪૭ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ સલીમમીયા કાલુમીયા મલેકની જુબાની જોતા તે હોસ્ટાઈલ સાક્ષી છે અને તેણે આંક–૪૬ ના પંચનામાની

હકીકતનો ઈન્કાર કરેલો છે તેથી આ સાહેદે પણ પ્રોસીકયુશનના કેસને કોઈ સમર્થન આપેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદણે પોતાની ફરીયાદમાં કોઈ મિથુન બરફવાળા બનાવ બન્યો તે વખતે તેણીના ઘરમાં આવી ગયેલા તેવુ જણાવેલ છે પરંતુ પોલીસે આ કામની તપાસ દરમ્યાન આ મિથુન બરફવાળાનું કોઈ નિવેદન લીધેલ નથી અને આ કામના ચાર્જશીટમાં તેને સાહેદ તરીકે દર્શાવેલ નથી. ફરીયાદણના ફરીયાદમાં જણાવવા મુજબ બનાવ પછી તરત જ કોઈ ત્રાહીત વ્યકિત બનાવવાળી જગ્યાએ પહોચેલ હોય તો તે આ મિથુન બરફવાળા છે અને તેને જ આ કામે સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી. ફરીયાદણે પણ પોતાની જુબાનીમાં શિખત પુર્વક આ મિથુન બરફવાળા બનાવવાળી જગ્યાએ બનાવ પછી તરત જ આવી ગયેલા તેવુ કહેવાનું ટાળેલ છે અને ઉલ્ટાનું એવુ જણાવી દીધેલ છે કે પડોશીઓ આવી ગયેલ. આમ, પ્રોસીકયુશન તરફથી આ કામે મહત્વના સાહેદને ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી અને ચાલતા કામે પણ આ મહત્વના સાહેદને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને તેથી પ્રોસીકયુશનના

કેસને મહત્વના સાહેદ ન તપાસવાનો બાધ નડતો હોવાનું કહી શકાય તેમ છે.

(૧૧) આ કામે અગાઉ કહ્યું તેમ પ્રોસીકયુશન તરફથી સચિન સેલકે નામના સાહેદને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે આ સાહેદ બનાવ વખતે ફરીયાદણના ઘરમાં આવી ગયેલા તેવુ ખુદ ફરીયાદણ જણાવતી નથી. ફરીયાદણે ફરીયાદમાં જણાવેલ છે કે તેણીના ગુજરનાર પતિએ આરોપીને પૈસા આપવાનો ઈન્કાર કરતા આરોપી નિર્વસ્ત્ર થઈ ગયેલ. ફરીયાદણના જણાવવા મુજબ આ પછી તરત જ આ કામનો બનાવ બનેલ છે અને તેથી બનાવ પછી તરત જો જણાવેલ સાહેદ સચિન સેલકે બનાવવાળી જગ્યાએ આવેલા હોય તો તેઓએ બેશક પોતાની જુબાનીમાં આરોપી નિર્વસ્ત્ર હાલતમાં હતો તેવુ જણાવ્યુ હોત પરંતુ આરોપી તે વખતે નિર્વસ્ત્ર હાલતમાં હતો તેવુ આ સાહેદે જણાવેલ નથી તેથી આ કારણસર પણ આ સાહેદ બનાવ વખતે તરત જ બનાવવાળી જગ્યાએ પહોચી ગયેલ હતા કે કેમ તે બાબત શંકાસ્પદ બની ગયેલી જણાય છે.

આ કામે ડો. મેઘા કિર્તિકુમાર શાહનાઓએ પોતાની આંક–૧૫ વાળી જુબાનીમાં જણાવે છે કે તા. ૦૨/૦૭/૨૦૨૨

ના રોજ તેણી સી.એચ.સી. મહેમદાવાદમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતી તે દરમ્યાન ગુજરનારને તેની સમક્ષ લાવવામાં આવેલા તે વખતે કોઈ મનુભાઈ રાવળ નામના વ્યકિતએ તેણીને એવુ જણાવેલ વિષ્ણુભાઈ ભોઈનાએ ધોકા વડે (મરનારને) મારેલ છે. આ કામે મનુભાઈ રાવળને પ્રોસીકયુશન તરફથી આ કામે સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી. અગાઉ કહ્યુ તેમ મિથુન બરફવાળાને સાહેદ તરીકે દર્શાવવામાં અને તપાસવામાં આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ આંક-૧૪ વાળા સાહેદ સચિન સેલકેનાએ પોતાની જુબાનીમાં મિથુન બરફવાળા કે આ મનુભાઈ રાવળ પણ તેમની સાથે હતા અને ડોકટરને આ મનુભાઈ રાવળે બનાવની હકીકતો જણાવેલી તેવુ કયાંય જણાવેલ નથી. આ મનુભાઈ રાવળ કોણ છે તે સંબંધે પ્રોસીકયુશનના કેસમાં કોઈ ચોખવટ કરવામાં આવેલ નથી. આ મનુભાઈ રાવળને પ્રોસીકયુશનના કેસમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી કે ચાલતા કામે તેમને તપાસવામાં આવેલ નથી અને તેથી જો આ મનુભાઈ રાવળ પ્રોસીકયુશનના કેસમાં મહત્વના સાહેદ હોય તો તેમને પ્રોસીકયુશન તરફથી આ કામે તપાસવા જોઈતા હતા

પરંતુ પ્રોસીકયુશન તરફથી આ સાહેદને ચાર્જશીટમાં દર્શાવેલ નથી કે તેને સાહેદ તરીકે તપાસેલ નથી અને તેથી આ સાહેદ સંબંધમાં પણ પ્રોસીકયુશન સામે વિરુધ્ધનું અનુમાન ઉત્પન્ન થાય છે અને આ સાહેદ સંબંધમાં પણ મહત્વના સાહેદ ન તપાસવાનો બાધ પ્રોસીકયુશનના કેસની વિરુધ્ધ ઉત્પન્ન થતો હોવાનું જણાય છે.

(૧૨) આ કામે બચાવપક્ષ તરફથી એવો બચાવ લેવામાં આવેલ છે કે ગુજરનારને આ કામના આરોપીએ માથામાં મારેલ નથી પરંતુ ઘરની બારશાખમાં ગુજરનારનું માથુ અથડાવવાથી તેને થયેલી ઈજાના કારણે તેઓ મૃત્યુ પામેલ છે. આ કામે આંક– ૧૪ થી તપાસવામાં આવેલ સાહેદ સચિન સેલકેનાએ પોતાની જુબાનીમાં જણાવે છે કે તે જયારે ફરીયાદણના ઘરમાં પહોચેલ ત્યારે આ કામના આરોપીના હાથમાં ધોકો હતો અને આજુબાજુના માણસોએ તેના હાથમાંથી ધોકો છોડાવી લીધેલ. અગાઉ કહ્યુ તેમ આ સાહેદે પોતાની જુબાનીમાં કયાય જણાવેલ નથી કે તે ફરીયાદણના ઘરમાં બનાવ વખતે ગયેલો ત્યારે આરોપી નિર્વસ્ત્ર હતો. આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. આ સાહેદ બનાવ વખતે બનાવવાળી જગ્યાએ આવી ગયેલા તેવુ

ફરીયાદણે જણાવેલ નથી. ફરીયાદણે મિથુન બરફવાળાનું નામ બનાવવવાળી જગ્યાએ આવેલ વ્યકિત તરીકે આપેલ છે જેને પ્રોસીકયુશને સાહેદ તરીકે દર્શાવેલ કે તપાસેલ નથી. આ ઉપરાંત આંક-૧૪ વાળા સાહેદ આરોપીના હાથમાં જે ધોકો હોવાનું જણાવે છે તે ધોકા ઉપર લોહીના હતા તેવુ પણ પોતાની જુબાનીમાં જણાવતા નથી અને તેથી આ કામના ગુજરનારનું મૃત્યુ આરોપીએ ગુજરનારને માથામાં ધોકાનો ઘા મારવાને કારણે થયેલ હતુ તેવુ આ સાહેદની જુબાની ઉપરથી માની શકાય તેમ નથી. અગાઉ કહ્યુ તેમ ખુદ ફરીયાદણ બનાવની નજરે જોનાર સાહેદ હોવાનું જણાયેલ નથી. ખુદ તપાસ કરનારે પોતાની જુબાનીમાં જણાવી દીધેલ છે કે તેને આ કામની તપાસ દરમ્યાન કોઈ આઈ વિટનેસ મળી આવેલ ન હતા અને તેથી બચાવપક્ષનો બચાવ નજર સમક્ષ રાખતા અત્રે આ કામના આરોપીએ ગુજરનારને માથામાં ધોકો મારેલ હતો કે કેમ તે બાબતે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોવાનું જણાઈ રહેલ છે. આ કામે આવેલ સમગ્ર પુરાવો જોતા અગાઉ કહ્યુ તેમ ફરીયાદણની જુબાની માનવાપાત્ર ન હોવાનું જણાયેલ છે. આ કામની ફરીયાદ પાંચ દિવસ મોડી અને કોઈપણ જાતના ખુલાસા વગર નોંધાયેલી હોતા તે પણ

શંકાના દાયરામાં આવી ગયેલાનું જણાયેલ છે. આમ, આ કામે આવેલ સમગ્ર પુરાવો જોતા પ્રોસીકયુશન આરોપી સામેનો હાલનો ખુનનો ગુનો શંકાથી પર પુરાવાથી સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાય છે અને તેથી આ કામે આવેલ પુરાવાની નજરે જણાતી વ્યાજબી શંકાને આધારે આ કામના આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તેથી ન્યાયનું હીત જળવાશે અને જેથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર સારુ ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

૧) આ કામના આરોપી નામે વિષ્ણુભાઈ મણીભાઈ ભોઈ રહે. સમસપુર, ખોડીયાર માતાવાળુ ફળીયુ, હાલ રહે. મહેમદાવાદ, જી. ખેડાવાળાઓને મહેમદાવાદ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૪૧૨૨૦૫૭૨/૨૦૨૨ ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૦૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે સેશન્સ કેસ નંબર ૬૫/૨૦૨૨ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

*District & Sessions Judge,*
*Kheda at Nadiad.*

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૪૩૭(એ) મુજબ આરોપીએ જો અપીલ થાય તો ઉપરની એપેલેટ કોર્ટમાં હાજર થવા સંબંધે આ અદાલત સમક્ષ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો તથા આરોપીના જે વ્યકિત જામીન પડે તે વ્યકિતએ સોગંદનામા ઉપર વર્તમાન સમયનો પાસપોર્ટ સા**ઈઝનો** રંગીન ફોટો અચુકપણે લગાડવાનો રહેશે.

(૩) આરોપી જયુડી. કસ્ટડીમાં હોય જેલ મુકત કરવા યાદી કરવી.

(૪) મુદ્દામાલનો અપીલ સમય બાદ અપીલ થયેલ ન હોય તો નાશ કરવો.

(૫) જામીન અરજીની શરત પ્રમાણે જો આરોપીએ પાસપોર્ટ જમા કરાવેલ હોય તો અપીલ સમય બાદ, જો અપીલ થયેલ ન હોય તો તેને પરત કરવો.

હુકમ આજ તા. ૧૪મી, માહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૨/૨૦૨૪

**(નિલેશ અરુણકાંત અંજારીઆ)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
ખેડા એટ નડીઆદ.
**(જી જે–૦૦૪૬૨)**

***District & Sessions Judge,***
***Kheda at Nadiad.***